**તેજી હોય કે પછી મંદી**
બજાર તરફનો સાચો દ્રષ્ટિકોણ ઉજાગર કરી,
નાના રોકાણકારોના હિતને ધ્યાનમાં રાખી,આધુનિક આર્થિક પ્રવાહો
તેમ જ શેર, કોમોડીટી, ફોરેક્ષ વગેરે બજારોની ચાલને તાદશ્ય રજૂ
કરી, દેશના ખૂણે ખૂણેથી આવેલ નિષ્ણાતોની સોનેરી સલાહ સાથે
અમદાવાદથી પ્રકાશિત થતું, આર્થિક સાપ્તાહિક
ધી **ઇકોનોમિક રેવલ્યૂશન**
ગુજરાતી તેમ જ અંગ્રેજી બંને ભાષામાં ઉપલબ્ધ
વધુ માહિતિ માટે વિઝીટ કરો :
web : www.theeconomicrevolution.in
email : theeconomicrevolution@yahoo.co.in
(M) 9825065387 contact : Narendra Joshi

Nirmal Metro Daily, Ahmedabad
પાનાં ૪, કિંમત રૂ. ૧.૦૦
અમદાવાદથી પ્રકાશિત થતું, પ્રજાના પ્રાણ પ્રશ્નોને વાચા આપતું , અન્યાય સામે અવાજ ઉઠાવતું ક્રાન્તિકારી નિડર ગુજરાતી દૈનિક
RNI NO. GUJGUJ/2012/48123

# નિર્મલ મેટ્રો

તંત્રી : નરેન્દ્ર જી. જોષી
email : nirmalmetro@yahoo.com
website: www.nirmalmetro.com
NIRMAL METRO
Saturday
20.04.2024
Year 12, Issue 102
દૈનિક

● વર્ષ : ૧૨ ● અંક : ૧૦૨ ● તા.૨૦.૦૪.૨૦૨૪ ● શનિવાર ● આદ્ય સહતંત્રી : સ્વ. દેવલક્ષ્મી જોષી ● કાર્યાલય : એચ ૧૧૫/૯૯૧, નિર્મલ એપાર્ટમેન્ટ, જય મંગલ બીઆરટીએસ બસ સ્ટોપ સામે, ૧૩૨' રીંગ રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૬૩ ● ફોન નં. : ૨૭૪૫૧૪૪૯, મો. : ૯૮૨૫૦૬૫૩૮૭ ●

● Year : 12 ● Issue : 102 ● Date : 20.04.2024 ● Saturday ● Editor : NARENDRA G. JOSHI ● Page - 4 ● Price : Rs. 1/- ● Annual Sub - 300.
Regd. Office : H-115/991, Nirmal Appartments, Opp. Jaymangal BRTS Bus Stop, 132' Ring Road, Naranpura, AHMEDABAD-380 063. ● Mo. 98250 65387

### મધ્ય પ્રદેશના દમોહમાં પ્રધાનમંત્રી મોદીએ પાકિસ્તાન પર કર્યા આકરા પ્રહારો

# આતંકને જન્મ આપનાર આજે લોટ માટે તડપી રહ્યા છે

## બજારની વાત

તા.૧૯.૦૪.૨૦૨૪

**ઈન્ડેક્ષ**

**સેન્સેક્ષ**
૭૩૦૮૮.૩૩ ૫૯૯.૩૪
૦.૮૩%

**નિફ્ટી**
૨૨૧૪૭.૦૦ ૧૫૧.૧૫
૦.૬૯%

**કોમોડીટી**

**ક્રુડ**
૬,૯૦૬.૦૦ ૧૦.૦૦
૦.૧૫%

**સોનું**
૭૨,૮૧૪.૦૦ ૧૩૧.૦૦
૦.૧૮%

**ચાંદી**
૮૩,૪૪૪.૦૦ ૧૭૧.૦૦
૦.૨૧%

**નેચરલ ગેસ**
૧૪૬.૯૦ ૦.૦૦ ૦.૦૦%

**ચલણી નાણું**

**ડોલર / રૂપિયો**
૮૩.૪૮૫૦ -૦.૦૬ -૦.૦૭%

## મોદીની ગેરંટી પરિવારલક્ષી અને ભ્રષ્ટ નેતાઓને અશાંત બનાવી રહી છે

પ્રતિનિધિ દ્વારા

દમોહ,તા.૧૯

મધ્યપ્રદેશના દમોહમાં એક ચૂંટણીસભાને સંબોધતા વડાપ્રધાન મોદીએ, પાડોશી દેશ પાકિસ્તાન પર જોરદાર પ્રહારો કર્યા હતા. પીએમ મોદીએ કહ્યું કે, જે દેશ આતંકવાદનો સપ્લાયર છે તે આજે લોટ મેળવવા માટે તડપી રહ્યું છે. તેમણે કહ્યું કે હાલમાં વિશ્વમાં યુદ્ધનું વાતાવરણ સર્જાયું છે. વિશ્વમાં યુદ્ધના વાદળો છવાયા છે. સર્વત્ર અશાંતિ છે. આવી સ્થિતિમાં આપણું ભારત વિશ્વમાં સૌથી ઝડપથી વિકાસ કરી રહ્યું છે.

વડાપ્રધાને કહ્યું કે, જ્યારે વિશ્વમાં યુદ્ધનું વાતાવરણ છે ત્યારે દેશમાં મજબૂત સરકાર હોવી જરૂરી છે. આ ચૂંટણી ભારતને મહાસત્તા બનાવવા માટેની ચૂંટણી છે. આ ચૂંટણી ભારતના ભવિષ્યને ઉજ્જવળ કરવા માટેની ચૂંટણી છે. આવનારી પેઢીના ભવિષ્યને સુરક્ષિત કરવા માટે આ ચૂંટણી છે. આજે વિશ્વમાં ચારેતરફ ભારતની પ્રશંસા થઈ રહી છે. આજે દેશમાં ભાજપની સરકાર છે, જે ન તો કોઈના તાબે છે અને ન તો કોઈની સામે નમે છે.



વડાપ્રધાન મોદીએ કહ્યું કે અમારો સિદ્ધાંત પહેલા દેશને કાજે છે. ભારતને સસ્તું ઈંધણ મળવું જોઈએ, તેથી અમે રાષ્ટ્રીય હિતમાં નિર્ણય લીધો. ભારતીય ખેડૂતોને પર્યાપ્ત માત્રામાં સસ્તુ ખાતર મળી રહે તે માટે અમે રાષ્ટ્રીય હિતમાં નિર્ણય લીધો છે. અમે કરોડો પરિવારોને વિનામૂલ્યે અનાજની સુવિધા આપી છે. નિઃશુલ્ક કોરોના રસી આપવામાં આવે છે. આજે એક એવી સરકાર છે જે ના તો કોઈની સામે નમે છે અને ના તો કોઈથી ડરે છે.

તેમણે કહ્યું કે આપણા માટે રાષ્ટ્ર પ્રથમ આવે છે પછી બીજુ બધુ.

પીએમ મોદીએ વધુમાં કહ્યું કે હું આ દેશને ઈન્ડિયા ગઠબંધનનું સત્ય જણાવવા માંગુ છું. તેણે દેશના સંરક્ષણને પાછળ રાખ્યું. વાયુસેના નબળી રહે તે સુનિશ્ચિત કરવા કોંગ્રેસે તેની તમામ તાકાતનો ઉપયોગ કર્યો. રાફેલ દેશમાં ઘૂસી ન જાય તે માટે તેણે પોતાની તમામ તાકાત લગાવી દીધી. અહીં શસ્ત્રો ના બનાવવા જોઈએ. વડાપ્રધાન મોદીએ કહ્યું કે આ વખતે દેશમાંથી ૨૧ હજાર કરોડ રૂપિયાની નિકાસ થઈ છે. હવે અમે બ્રહ્મોસ મિસાઈલ પણ આપી રહ્યા છીએ.

પીએમ મોદીએ કહ્યું કે મોદીની ગેરંટી પરિવાર લક્ષી અને ભ્રષ્ટ નેતાઓને અશાંત બનાવી રહી છે. તેઓ કહે છે કે ત્રીજી વખત ભાજપની સરકાર બનશે તો આગ લાગશે. ઈન્ડિયા ગઠબંધનના લોકો દરરોજ મોદીને ધમકીઓ આપી રહ્યા છે. પરંતુ મોદી તેમની ધમકીઓથી ન તો પહેલા ડર્યા છે અને ન તો ક્યારેય ડરશે. પીએમ મોદીએ કહ્યું કે કોંગ્રેસ અને ઈન્ડિયા ગઠબંધન અમારી આસ્થાનું અપમાન કરવામાં વ્યસ્ત છે. પીએમ મોદીએ કહ્યું કે આ લોકો કહે છે કે અમારું સનાતન ડેન્ગ્યુ અને મેલેરિયા છે. અયોધ્યામાં બનેલા રામ મંદિરનો પણ તેઓ સખત વિરોધ કરી રહ્યા છે. આ લોકો ભગવાન શ્રી રામની પૂજાને દંભ ગણાવે છે.

મધ્ય પ્રદેશના દમોહમાં એક શિક્ષકને એવો વિચાર આવ્યો કે શાળામાં બાળકોની સંખ્યા અચાનક વધી ગઈ. અગાઉ અહીં બહું ઓછા બાળકો એડમિશન લેતા હતા. પરંતુ શિક્ષકના અનોખા આઈડિયાથી બાળકો એડમિશન લેવા માટે પડાપડી કરી રહ્યા છે.

શિક્ષણની સાથે બાળકોનો માનસિક વિકાસ પણ થાય તે માટે શિક્ષણ વિભાગ દ્વારા અવનવા પ્રયોગો કરવામાં આવે છે. પ્રાથમિક શાળાઓમાં મધ્યાહન ભોજન પણ આપવામાં આવે છે, જેથી બાળકોની સંખ્યા વધે. પરંતુ તેમ છતાં ઘણી વખત બાળકો શાળાએ આવતા નથી. પ્રાથમિક શાળા નયા ગુરૂવામાં પણ કંઈક આવું જ બન્યું હતું. શાળામાં બાળકોની સંખ્યા વધે તે માટે શિક્ષક રાઘવેન્દ્ર તંતુવે પ્રયોગ કર્યો અને શાળાની દિવાલ પર સેલ્ફી પોઈન્ટ બનાવ્યો. આ માટે બટરફલાયનું પેઈન્ટિંગ બનાવવામાં આવ્યું હતું,



જેમાં અનેક પ્રકારના રંગો ભરવામાં આવ્યા હતા. નવા સત્રમાં શાળાએ આવતા બાળકો ખચકાટ અનુભવે છે. આ બટરફલાય પેઈન્ટીંગ તેઓની ખચકાટ દૂર કરવા અને મનોરંજનની સાથે કુદરતી રંગો વિશેની સમજ વધારવાના હેતુથી બનાવવામાં આવી હતી. દિવાલની નજીક ઉભા રહીને, બાળકો તેમના માતાપિતાને ફોટોગ્રાફ્સ લેવા માટે કહે છે. જેથી તેઓ જોઈ શકે કે જો તેઓ પતંગિયું હોય કે પરી હોય તો કેવું લાગશે. આ પ્રયોગથી માત્ર બાળકો જ રંગોથી વાકેફ થઈ રહ્યા છે એટલું જ નહીં, ઘણા બાળકો અહીં સેલ્ફી લેવા પણ આવી રહ્યા છે. આ પ્રયોગને કારણે શાળામાં બાળકોની સંખ્યા પણ વધી રહી છે.

### હાઈકિંગ પર મિત્રો સાથે ગયા હતા

## સ્કોટલેન્ડમાં બે ભારતીય વિદ્યાર્થીઓનાં મોત થયાં

એડિનબર્ગ, તા.૧૯

છેલ્લા ઘણા સમયથી વિદેશમાં અભ્યાસ કરતાં ભારતીય વિદ્યાર્થીઓની મોતની ઘટનાઓ વધી રહી છે. હવે સ્કોટલેન્ડમાં પણ આવી જ એક ઘટના સામે આવી છે જેમાં બે ભારતીય વિદ્યાર્થીઓના મોત થયા છે.

સ્કોટલેન્ડના એક લોકપ્રિય ટૂરિસ્ટ પ્લેસ પર દેશના અન્ય ચાર મિત્રો સાથે હાઈકિંગ કરતી વખતે બે ભારતીય વિદ્યાર્થીઓના મોત થયા હતા. આ બંને વિદ્યાર્થીઓ ડૂબી ગયા હતા અને તેમને બચાવી શકાયા ન હતા. બે નદીઓ જ્યાં મળે છે ત્યાં લિન ઓફ તુમેલ નજીક બુધવારે રાત્રે પાણીમાંથી બચાવ કર્મીઓએ આ બંને વિદ્યાર્થીઓના મૃતદેહો બહાર કાઢ્યા હતા. ડૂબી ગયેલા બંને ભારતીય વિદ્યાર્થીઓ તેમજ તેમની સાથેના લોકો ડંડી યુનિવર્સિટીમાં માસ્ટર ડિગ્રીનો અભ્યાસ કરતા હતા. મૃતકોમાં ૨૬ વર્ષીય જીતેન્દ્રનાથ કરૂતુરી અને ૨૨ વર્ષીય ચાણક્ય બોલિસેટ્ટીનો સમાવે થયા છે.એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે બુધવારે રાત્રે જીતેન્દ્રનાથ કરૂતુરી અને ચાણક્ય બોલિસેટ્ટીના મૃતદેહો લિન ઓફ તુમેલ ખાતેથી મળ્યા હતા. જે પિટલોક્રીની ઉત્તરમાં આવેલું છે. જ્યાં આ ઘટના બની ત્યાં કોઈ વિચિત્ર સંજોગો જોવા મળ્યા નથી. લંડનમાં ભારતીય હાઈ કમિશનના એક અધિકારીએ જણાવ્યું હતું કે, બે વિદ્યાર્થીઓના મૃતદેહો મળી આવ્યા હતા. એક અધિકારીએ જણાવ્યું હતું કે, બંને વિદ્યાર્થીઓના પરિવારજનોનો ભારતીય કોન્સ્યુલેટ જનરલ દ્વારા સંપર્ક કરવામાં આવ્યો હતો. જ્યારે કોન્સ્યુલર પ્રતિનિધિ યુકેમાં રહેતા એક ભારતીય વિદ્યાર્થીને મળ્યા છે. યુનિવર્સિટી ઓફ ડંડીએ આ મામલે દરેક રીતે મદદ કરવાનું વચન આપ્યું છે. બંને વિદ્યાર્થીઓનું પોસ્ટમોર્ટમ કરવામાં આવશે અને ત્યારબાદ તેમને મૃતદેહોને ભારત મોકલવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે, તેમ અધિકારીએ જણાવ્યું હતું. જ્યારે યુનિવર્સિટીએ જણાવ્યું હતું કે, આ એક દુઃખદ સમાચાર છે જેનાથી અમને બધાને મોટો આઘાત લાગ્યો છે. અમે મૃત્યુ પામેલા વિદ્યાર્થીઓના પરિવારજનો અને મિત્રોને સાંત્વના પાઠવીએ છીએ.

તાજેતરમાં અમેરિકા અને કેનેડામાં ભારતીય વિદ્યાર્થીઓના મોતની ઘણી ઘટનાઓ સામે આવી છે. જેના કારણે વિદેશ અભ્યાસ કરવા જતાં વિદ્યાર્થીઓના માતા-પિતા ચિંતિત બન્યા છે. અમેરિકામાં તાજેતરમાં બનેલી આવી ઘટનાઓ બાદ ભારતીય દૂતાવાસે સ્ટુડન્ટ્સને એક પછી એક સંપર્ક કરવાનું શરૂ કરી દીધું હોવાના અહેવાલો મળ્યા છે.

### શિવસેના(યુબીટી) નેતા સંજય રાઉતે વિવાદ સર્જયો

## લોકસભાની ચૂંટણી 'ડાન્સર' કે 'બબલી' સામેની નથી

### અમરાવતીના ઉમેદવાર નવનીત રાણા પર કરી ભદ્દી ટિપ્પણી



એજન્સી દ્વારા

અમરાવતી,તા.૧૯

ઉદ્ધવ ઠાકરે જૂથના નેતા સંજય રાઉતે ભાજપના અમરાવતી લોકસભા બેઠક પરના ઉમેદવાર નવનીત રાણા 'ડાન્સર' કહીને ઉલ્લેખ કરતાં નવો રાજકીય વિવાદ સર્જાયો છે. અભિનેત્રીમાંથી રાજકારણમાં આવેલા નવનીત રાણા ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં અમરાવતીથી અપક્ષ ચૂંટણી લડ્યા હતા અને હવે ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ભાજપે તેમને ઉમેદવારીનું ટિકિટ આપી છે.જો કે એમનાં બેફાટ નિવેદનોથી શિવસેનાને ઘણું નુકશાન થયું છે. વચ્ચે તેઓ લાંબો સમય જેલવાસ પણ ભોગવી આવ્યા છે.

હવે તેમણે અમરવતીથી લોકસભાના ઉમેદવાર નવનીત કૌર રાણા વિષે જાહેરસભામાં ભદ્દી ટિપ્પણી કરી છે.

સંજય રાઉત તેમના બફાટ વિષે જાણીતા છે. ક્યારેક તો તે બેફામ બોલી નાખે છે.ઉદ્ધવ ઠાકરે જૂથના નેતા સંજય રાઉતે કહ્યું હતું કે લોકસભાની ચૂંટણી એ ડાન્સર કે 'બબલી' નવનીત રાણા સામેની નહીં પણ મહારાષ્ટ્ર અને મોદી વચ્ચેની લડાઈ છે. તે એક ડાન્સર છે, સ્ક્રીન પર એક અભિનેત્રી છે જે તમને કેટલાક પ્રેમાળ હાવભાવ બતાવશે, પરંતુ નવનીત રાણાની જાળમાં ફસાશો નહીં.

સંજય રાઉતના આ વિધાનથી રાજ્યમાં નવો વિવાદ સર્જાયો છે.અમરાવતી લોકસભા બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર બળવંત વાનખેડેના ચૂંટણી પ્રચાર દરમિયાન એક સભાનું સંબોધન કરતાં સંજય રાઉતે નવનીત રાણાને ડાન્સર કહી તેમના પર ટીકા કરી હતી.

### ભારે વરસાદ અને પૂરના કારણે તારાજી સર્જાઈ છે

## ભારે પૂર બાદ હવે ફરીથી બેઠા થવા સંઘર્ષ કરી રહ્યું છે UAE

એજન્સી દ્વારા

અબુધાબી, તા.૧૯

યુનાઈટેડ આરબ અમિરાત (UAE)માં પડેલા અસામાન્ય વરસાદના કારણે પૂરની સ્થિતિ સર્જાઈ હતી અને તેમાં કરોડો રૂપિયાનું નુકસાન થયું છે. હાલમાં યુએઈ આ પરિસ્થિતિમાંથી બહાર આવવા માટે સંઘર્ષ કરી રહ્યું છે.

દુબઈ એરપોર્ટ પર ફ્લાઈટ્સનો ભારે ટ્રાફિક હોય છે અને ત્યાં પણ વરસાદના પાણી ફરી વળ્યા છે. જોકે, તેણે પોતાના મુખ્ય એરપોર્ટ પર કામગીરી શરૂ કરવા માટે કામ કર્યું હતું તેમ છતાં મોટા હાઈવે અને રોડ પર હજી પણ પૂરના પાણીમાં ડૂબેલા છે. દુબઈ એરપોર્ટ્સના ચીફ ઓપરેટિંગ ઓફિસર માજેદ અલ જોકરે સ્થાનિક ટીવીને જણાવ્યું હતું કે, તેઓ અપેક્ષા રાખી રહ્યા છે કે ગુરૂવાર સુધીમાં દુબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ તેની ૬૦-૭૦ ટકા ક્ષમતા સુધી પહોંચી જશે અને ૨૪ કલાકની અંદર સંપૂર્ણ ક્ષમતા સાથે કામ કરતું થઈ જશે.

યુએઈમાં જે વરસાદ પડ્યો તે અસામાન્ય હતો અને તેના કારણે તેની ડ્રેનેજ સિસ્ટમ ખોરવાઈ ગઈ હતી, પૂરના પાણી આસપાસના વિસ્તારોમાં, બિઝનેસ ડિસ્ટ્રિક્ટ્સ અને દુબઈમાંથી પસાર થતાં ૧૨ લેનના શેખ ઝાયેદ રોડ હાઈવે પર ફરી વળ્યા હતા. બુધવારે એક સંદેશમાં અમીરાતી લીડર અને અબુધાબીના શાસક શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહયાને જણાવ્યું હતું કે, સત્તાવાળાઓ સમગ્ર યુએઈમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સ્થિતિ શું છે તે અંગે ઝડપથી અભ્યાસ કરી રહ્યા છે અને નુકસાનને શક્ય તેટલું ઓછું કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. ગુરુવારે લોકો અગાઉ છોડી દેવાયેલી કાર સુધી પહોંચવા માટે ઓઈલવાળા પૂરના પાણીમાંથી પસાર થયા અને ચેક કર્યું હતું કે તેની કારના એન્જિન હજી પણ ચાલું છે કે નહીં. આ ઉપરાંત વેક્યુમ સાથે ટેક્કર ટ્રકોએ પણ પ્રથમ વખત દુબઈ ડાઉનટાઉન કોરની બહારના કેટલાક વિસ્તારોમાં પહોંચવાનું શરૂ કર્યું હતું. જ્યારે આગામી સપ્તાહ સુધી સ્કૂલો પણ બંધ રાખવામાં આવી છે. યુએઈમાં જે પ્રકારે અસામાન્ય વરસાદ વરસ્યો તેના કારણે ઘણા લોકોનું માનવું હતું કે કદાચ ક્લાઉડ સીડિંગના કારણે આવું થયું હશે. ક્લાઉડ સીડિંગ એ વરસાદ લાવવા માટેની એક ટેકનિક છે. લોકોનું માનવું છે કે યુએઈ દ્વારા ક્લાઉડ સીડિંગ કરવામાં આવ્યું છે જેના કારણે થયેલા વરસાદથી પૂર આવ્યું છે. જોકે, ભારતમાં આ પ્રકારના પ્રોજેક્ટ્સ સાથે સંકળાયેલા વૈજ્ઞાનિકોએ આ થિયરીને ફગાવી દીધી છે અને મીટીઓરોલોજિસ્ટ અને ક્લાઈમેટોલોજિસ્ટએ આ માટે ક્લાઈમેટ ચેન્જને જવાબદાર ગણાવ્યું છે. યુએઈ તેના ઘટતા જતાં ભૂગર્ભજળના સ્તરને વધારવા માટે સમયાંતરે ક્લાઉડ સીડિંગ કરે છે. જોકે, સોમવારની રાત અને મંગળવારની સાંજ વચ્ચે પડેલા ભારે વરસાદે કૃત્રિમ વરસાદની પદ્ધતિ પર પ્રશ્નો ઉભા કર્યા છે. યુએઈમાં ૨૪ કલાકથી પણ ઓછા સમયમાં ૨૫૫ મિલીમીટર વરસાદ પડ્યો હતો.

### કેજરીવાલની હેલ્થને લઈ LG ચિંતામાં

## LG એ માંગ્યો તિહાડ જેલના DG પાસેથી ૨૪ કલાકમાં રિપોર્ટ

એજન્સી દ્વારા

નવી દિલ્હી, તા.૧૯

દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલ તિહાર જેલમાં છે. આ દરમિયાન આમ આદમી પાર્ટી (AAP)ના નેતા આતિશીએ મોટો આરોપ લગાવ્યો હતો અને કહ્યું હતું કે તિહાર જેલ અરવિંદ કેજરીવાલને ઈન્સ્યુલિન આપી રહી નથી. જેલમાં તેનો જીવ લેવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

આ આરોપ બાદ દિલ્હીના એલજીએ આ મામલે કાર્યવાહી કરી અને ડીજી જેલ પાસેથી ૨૪ કલાકમાં વિગતવાર રિપોર્ટ માંગ્યો. તેમણે આ નિવેદનો પર આધારિત અહેવાલો પર ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી. માહિતી અનુસાર, દિલ્હીના એલજી વિનય કુમાર સક્સેનાએ જેલમાં સીએમ અરવિંદ કેજરીવાલને ઈન્સ્યુલિન ન આપવાના આરોપ પર ડીજી જેલ પાસેથી ૨૪ કલાકની અંદર વિગતવાર રિપોર્ટ માંગ્યો છે. રાજ નિવાસના જણાવ્યા અનુસાર, એલજીએ છઈઁ નેતાઓ દ્વારા કરવામાં આવેલા આરોપો પર ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી કે જેલમાં બંધ સીએમ કેજરીવાલને ઈન્સ્યુલિન લેવાની મંજૂરી આપવામાં આવી રહી નથી. જોકે જેલનો વિષય સંપૂર્ણપણે આમ આદમી પાર્ટીની સરકાર હેઠળ આવે છે, એલજીએ ખાતરી આપી છે કે મુખ્યમંત્રીના સ્વાસ્થ્યને લઈને કોઈપણ પ્રકારની ઢીલ સહન કરવામાં આવશે નહીં.

કોર્ટના આદેશ અનુસાર, અરવિંદ કેજરીવાલને ત્રણ વખતનો આહાર જે ઘરેથી આવે છે અને દવાઓ આપવામાં આવી રહી છે. તિહાર પ્રશાસને તમામ આરોપોને નકારી કાઢ્યા છે.

### લોકસભા ચૂંટણી પહેલાં 'આપ'ને ફટકો

## વક્ફ પ્રોફટી સંબંધિત કેસમાં અમાનતુલ્લા ખાનની ધરપકડ

એજન્સી દ્વારા

નવી દિલ્હી,તા.૧૯

મની લોન્ડરિંગ કેસમાં ED દ્વારા આમ આદમી પાર્ટી (AAP)ના વધુ એક મોટા નેતાની ધરપકડ કરવામાં આવી છે. વકફ પ્રોપર્ટી સંબંધિત એક કેસમાં દિલ્હીની ઓખલા સીટના પાર્ટીના ધારાસભ્ય અમાનતુલ્લા ખાન વિરુદ્ધ મની લોન્ડરિંગનો કેસ ચાલી રહ્યો છે. ED સવારે ૧૧.૩૦ વાગ્યાથી તેની પૂછપરછ કરી રહી હતી. અમાનતુલ્લા ખાન વિરુદ્ધ વકફ પ્રોપર્ટી સંબંધિત એક કેસમાં મની લોન્ડરિંગનો કેસ ચાલી રહ્યો છે. ED સવારે ૧૧ વાગ્યાથી તેમની પૂછપરછ કરી રહી હતી અને અંતે તેમની ધરપકડ કરવામાં આવી છે.

બે દિવસ પહેલા જ સુપ્રીમ કોર્ટે અમાનતુલ્લા ખાનની આગોતરા જામીન અરજી ફગાવી દીધી હતી. આ પછી અમાનતુલ્લા ખાન આજે સવારે ED ઓફિસ પહોંચ્યા જ્યાં કેન્દ્રીય એજન્સી ૧૧.૩૦ વાગ્યાથી તેમની પૂછપરછ કરી રહી છે.

અરવિંદ કેજરીવાલ, મનીષ સિસોદિયા, સત્યેન્દ્ર જૈન અને સંજય સિંહ પછી અમાનતુલ્લા ખાન આમ આદમી પાર્ટી (AAP)ના પાંચમા એવા મોટા નેતા છે જેમની ધરપકડ થઈ શકે છે. જેમાંથી માત્ર સંજય સિંહ જ જેલની બહાર હોવાથી તેને જામીન મળી ગયા છે. અમાનતુલ્લા વિરુદ્ધ મની લોન્ડરિંગનો કેસ CBI FIR અને દિલ્હી પોલીસની ત્રણ ફરિયાદો સાથે સંબંધિત છે.

નિર્મલ મેટ્રો

## તંત્રીની કલમે....

છેલ્લા કેટલાક સમયથી સુરક્ષા દળોની વધી રહેલી કડકાઈ વચ્ચે હવે ભયાવહ આતંકવાદીઓએ રાજ્ય બહારથી આવતા લોકોની હત્યા કરીને તેમની રોજીરોટી કમાવવાનું શરૂ કર્યું છે. છેલ્લા કેટલાક સમયથી જમ્મુ અને કાશ્મીરમાં સુરક્ષાદળોની વધી રહેલી કડકાઈ વચ્ચે આતંકવાદીઓ સામેની કાર્યવાહી વધુ કડક કરવામાં આવી છે. જેના કારણે આતંકવાદીઓમાં હતાશાની સ્થિતિ સ્પષ્ટપણે જોઈ શકાય છે. કદાચ આ જ કારણ છે કે આતંકવાદીઓએ હવે એક સામાન્ય વ્યક્તિની ઓળખ નક્કી કરીને તેને મારી નાખવાની નવી વ્યૂહરચના પર કામ કરવાનું શરૂ કર્યું છે, જેથી દરેકનું ધ્યાન પોતાની તરફ ખેંચી શકાય.

પરંતુ તેમની નિર્દયતા અને તેમના ઈરાદાઓને પૂર્ણ કરવા માટે માનવતા વિરુદ્ધ દરેક હદ વટાવી દેવાની ક્રિયાઓ તેમની વાસ્તવિકતા છતી કરે છે. નહીં તો શું કારણ છે કે તેઓ ગરીબ લોકો કે મજૂરોને મારવામાં કોઈ ખચકાટ અનુભવતા નથી જેઓ અન્ય રાજ્યોમાંથી ત્યાં આવે છે અને નાની-નાની નોકરી કરીને પોતાનું ગુજરાન ચલાવે છે. જો કે, તેઓ જે આતંકવાદની દ્રષ્ટિથી કામ કરે છે તે જોતાં, તેમના આવા અમાનવીય કાર્યો આશ્ચર્યજનક નથી. નોંધનીય છે કે જમ્મુ-કાશ્મીરના અનંતનાગ જિલ્લામાં આતંકવાદીઓએ ફરી એકવાર ટાર્ગેટ કિલિંગની ઘટનાને અંજામ આપ્યો છે. બુધવારે બિજબેહારા વિસ્તારના જબલીપોરામાં આતંકવાદીઓએ એક મજૂરને નજીકથી ગોળી મારી હતી. મૃતક બિહારથી ત્યાં મજૂરી કરવા અને અન્ય કામ કરવા માટે જતો હતો. છેલ્લા કેટલાક સમયથી સુરક્ષા દળોની વધતી જતી કડકાઈ વચ્ચે આ વર્ષે એકલા વ્યક્તિને નિશાન બનાવીને મારવાની આ ત્રીજી ઘટના છે, ભયાવહ આતંકવાદીઓએ હવે રાજ્ય બહારથી આવતા લોકોની હત્યા કરવાનું શરૂ કરી દીધું છે. આ દર્શાવે છે કે તેમનો હેતુ રાજકીય નથી, પરંતુ તેમની રાજનીતિ હિંસા અને નિર્દોષ લોકોની હત્યા દ્વારા આતંક ફેલાવવાનો છે.

વાસ્તવમાં, અનંતનાગ લોકસભા ક્ષેત્રમાં જ્યાં આ ઘટના બની છે, ત્રીજા તબક્કાનું મતદાન ૭ મેના રોજ થવાનું છે અને એવી અપેક્ષા રાખવામાં આવે છે કે ત્યાંના લોકો તેમના મતાધિકારનો ખુલ્લેઆમ ઉપયોગ કરશે. સ્વાભાવિક છે કે, જમ્મુ-કાશ્મીર ગયેલા બિહારના મજૂરની હત્યા વાસ્તવમાં સ્થાનિક લોકોમાં આતંક ફેલાવવાનો પ્રયાસ છે, જેથી લોકોને લોકતાંત્રિક પ્રક્રિયામાં ભાગ લેતા અટકાવી શકાય. સમસ્યા એ છે કે સરકાર દરરોજ આતંકવાદનો સામનો કરવા અને તેને ખતમ કરવા માટે દરેક સ્તરે કડક હોવાનો દાવો કરે છે અને આતંકવાદીઓની અસર ઓછી થઈ છે. તે ચોક્કસપણે આતંકવાદીઓ પર કાર્યવાહી કરવામાં મદદ કરી છે. આતંકવાદી સંગઠનો હવે પહેલાની સરખામણીમાં સ્થાનિક લોકોની સુરક્ષા મેળવવા સક્ષમ નથી. આવી હત્યાઓ સુરક્ષા વ્યવસ્થાને લઈને સતર્ક હોવાના સરકારના દાવાઓ પર પણ સવાલો ઉભા કરે છે. ટાર્ગેટેડ કિલિંગની નવી વ્યૂહરચના અને બહારના લોકો અથવા સ્થાનિક લોકોને ઓળખીને તેમની હત્યા કરવાની ઘટનાઓ દ્વારા લોકોમાં આતંક ફેલાવવાના પ્રયાસો એ સ્પષ્ટ કરે છે કે આતંકવાદીઓનો પ્રભાવ હજુ સમાપ્ત થયો નથી. કોઈની ઓળખ નક્કી કરીને તેની હત્યા કરવાનો એક ઉદ્દેશ્ય વિવિધ સમુદાયો વચ્ચે અંતર અને શંકાનું વાતાવરણ ઊભું કરવાનો છે, જેથી અસલામતીથી ઘેરાયેલા લોકોનો તેમની ઈચ્છા મુજબ ઉપયોગ કરી શકાય. સ્વાભાવિક છે કે સુરક્ષા દળોએ હવે પરિસ્થિતિ અનુસાર નવી વ્યૂહરચના હેઠળ આતંકવાદીઓ સામે સ્ટેન્ડ લેવો પડશે.

# એમસીએક્સ પર કોટન-ખાંડી વાયદાના ભાવમાં રૂ.૨૨૦નો સુધારો : મેન્થા તેલમાં નરમાઈ: બિનલોહ ધાતુઓમાં વૃદ્ધિ

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૬૯,૯૨૪.૮૮ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૧૪,૪૫૬.૯૩ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૫૫૪૪૪.૮૮ કરોડનો હતો.




કીમતી ધાતુઓના વાયદાઓમાં સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું જૂન વાયદો સત્રની શરૂઆતમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૭૨,૭૧૮ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૨,૮૯૮ અને નીચામાં રૂ.૭૨,૩૩૯ ના મથાળે અથડાઈ, રૂ.૧૪૭ ઘટી રૂ.૭૨,૫૩૬ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની એપ્રિલ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૫૪ વધી રૂ.૫૯,૨૩૨ અને ગોલ્ડ-પેટલ એપ્રિલ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧૨ વધી રૂ.૭,૨૮૧ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની મે વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૬૫ ઘટી રૂ.૭૨,૯૫૧ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો સત્રની શરૂઆતમાં ૧ કિલોદીઠ રૂ.૮૩,૭૯૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૮૩,૭૯૫ અને નીચામાં રૂ.૮૨,૭૩૬ ના મથાળે અથડાઈ, રૂ.૧૦૯ ઘટી રૂ.૮૩,૧૬૪ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૧૮૭ ઘટી રૂ.૮૩,૦૦૦ અને ચાંદી-માઈક્રો એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૧૮૭ ઘટી રૂ.૮૨,૯૮૨ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ તાંબુ એપ્રિલ વાયદો રૂ.૮૪૦.૬૫ના ભાવે ખૂલી, રૂ.૪.૨૦ વધી રૂ.૮૪૨.૫૦ જ્યારે એલ્યુમિનિયમ એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૪.૩૦ વધી રૂ.૨૪૧.૬૦ તેમ જ સીસું એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૦.૩૫ વધી રૂ.૧૮૯ના ભાવ થયા હતા. જસત એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૨.૩૫ વધી રૂ.૨૫૦ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની એપ્રિલ વાયદો ૧ કિલોદીઠ રૂ.૪.૨૫ વધી રૂ.૨૪૧.૭૦ સીસુ-મિની એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૦.૪૦ વધી રૂ.૧૮૮.૯૫ જસત-મિની એપ્રિલ વાયદો રૂ.૨.૨૦ વધી રૂ.૨૪૯.૮૦ બોલાઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ ક્રૂડ તેલ એપ્રિલ વાયદો સત્રની શરૂઆતમાં ૧ બેરલદીઠ રૂ.૬,૯૮૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭,૧૦૯ અને નીચામાં રૂ.૬,૮૩૭ ના મથાળે અથડાઈ, રૂ.૬૪ ઘટી રૂ.૬,૮૬૯ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની એપ્રિલ વાયદો રૂ.૬૫ ઘટી રૂ.૬,૮૬૮ બોલાઈ રહ્યો હતો. નેચરલ ગેસ એપ્રિલ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૪૯ના ભાવે ખૂલી, રૂ.૦.૬૦ વધી રૂ.૧૪૭.૫૦ અને નેચરલ ગેસ-મિની એપ્રિલ વાયદો ૦.૬ વધી ૧૪૭.૫ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ કોટન ખાંડી મે વાયદો સત્રની શરૂઆતમાં ૧ ખાંડીદીઠ રૂ.૫૭,૫૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૭,૮૦૦ અને નીચામાં રૂ.૫૭,૫૦૦ ના મથાળે અથડાઈ, રૂ.૨૨૦ વધી રૂ.૫૭,૮૦૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ એપ્રિલ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧.૭૦ ઘટી રૂ.૮૯૨.૧૦ બોલાયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૫,૨૩૪.૭૩ કરોડનાં અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૪,૫૯૮.૮૮ કરોડનાં વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૧,૩૦૯.૨૭ કરોડનાં ૩૭,૦૨૮ લોટ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૧,૩૯૬.૦૫ કરોડનાં ૯૫,૨૧૯ લોટનાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૪૧૪.૯૯ કરોડનાં ૫,૩૦૩ લોટ સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૨૧.૬૪ કરોડનાં ૪૪૩ લોટ તાંબાના વાયદાઓમાં રૂ.૯૮૯.૯૪ કરોડનાં ૪,૬૯૫ લોટ અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૪૭૬.૯૨ કરોડનાં ૭,૪૭૮ લોટના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૫ કરોડનાં ૧૮ લોટ મેન્થા તેલ વાયદામાં રૂ.૯.૫૩ કરોડનાં ૨૯૪ લોટનાં કામકાજ થયાં હતાં. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૨૩.૦૬ કરોડનાં ૨૫૦ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૫૨૨ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ એપ્રિલ વાયદો ૧૮,૪૭૦ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૮,૫૧૨ અને નીચામાં ૧૮,૩૭૫ બોલાઈ, ૧૩૭ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૩૫ પોઈન્ટ ઘટી ૧૮,૪૨૧ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ. ૫૫૪૪૪.૮૮ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ મે રૂ.૭,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૮૦.૪૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૨૮૩.૫૦ અને નીચામાં રૂ.૧૬૧.૫૦ ના મથાળે અથડાઈ, રૂ.૨૦.૯૦ ઘટી રૂ.૧૬૬.૯૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ એપ્રિલ રૂ.૧૫૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૩.૪૦ ખૂલી, ઉપરમાં રૂ.૩.૬૫ અને નીચામાં રૂ.૨.૦૫ રહી, અંતે રૂ.૦.૧૦ ઘટી રૂ.૩ થયો હતો.

સોનું મે રૂ.૭૪,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૭૮૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૯૧૦ અને નીચામાં રૂ.૭૦૦ ના મથાળે અથડાઈ, રૂ.૩૩.૫૦ ઘટી રૂ.૭૩૪ થયો હતો, જ્યારે સોનું-મિની એપ્રિલ રૂ.૭૩,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૮૦૦ ખૂલી, ઊપરમાં રૂ.૯૪૩.૫૦ અને નીચામાં રૂ.૬૨૨ રહી, અંતે રૂ.૨૧ ઘટી રૂ.૬૮૮ થયો હતો.

ચાંદી એપ્રિલ રૂ.૮૪,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૭૫૦ના ભાવે ખૂલી, રૂ.૮૬.૫૦ ઘટી રૂ.૬૦૦ થયો હતો, જ્યારે ચાંદી-મિની એપ્રિલ રૂ.૮૪,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧૯૯.૫૦ના ભાવે ખૂલી, રૂ.૧૫૮ ઘટી રૂ.૪૧.૫૦ થયો હતો. તાંબુ એપ્રિલ રૂ.૮૩૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧.૬૦ ઘટી રૂ.૧૧ જસત એપ્રિલ રૂ.૨૫૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૦.૬૪ ઘટી રૂ.૧.૦૬ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ મે રૂ.૬,૯૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૭૧.૬૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૩૦૫ અને નીચામાં રૂ.૧૬૮.૩૦ ના મથાળે અથડાઈ, રૂ.૪૯.૩૦ વધી રૂ.૨૮૩ થયો હતો, જ્યારે નેચરલ ગેસ એપ્રિલ રૂ.૧૪૫ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨.૫૦ ખૂલી, ઉપરમાં રૂ.૪.૫૦ અને નીચામાં રૂ.૨.૪૫ રહી, અંતે રૂ.૦.૪૦ ઘટી રૂ.૩.૧૦ થયો હતો.

સોનું મે રૂ.૭૧,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૫૩૪ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૮૫.૫૦ અને નીચામાં રૂ.૫૩૪ ના મથાળે અથડાઈ, રૂ.૯૧.૫૦ વધી રૂ.૬૩૦ થયો હતો, જ્યારે સોનું-મિની એપ્રિલ રૂ.૭૩,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૬૪૯.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૭૭૬.૫૦ અને નીચામાં રૂ.૬૦૩ રહી, અંતે રૂ.૧૮.૫૦ વધી રૂ.૭૧૫ થયો હતો.

ચાંદી એપ્રિલ રૂ.૮૩,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૮૦૦ના ભાવે ખૂલી, રૂ.૨૯ વધી રૂ.૮૪૦ થયો હતો, જ્યારે ચાંદી-મિની એપ્રિલ રૂ.૮૩,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૮૦ના ભાવે ખૂલી, રૂ.૭૨.૫૦ ઘટી રૂ.૨૯૫ થયો હતો.

### બંગાળમાં ૭૭.૫૭ ટકા અને બિહારમાં ૪૬.૩૨ ટકા મતદાન

# દેશમાં પ્રથમ તબક્કામાં કુલ ૬૦ ટકા જેટલું મતદાન થયું

એજન્સી દ્વારા

નવી દિલ્હી, તા.૧૯

લોકસભા ચૂંટણી ૨૦૨૪ના પ્રથમ તબક્કામાં શુક્રવારે ૨૧ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની ૧૦૨ બેઠકો પર મતદાન પૂર્ણ થયું હતું. સાંજે ૫ વાગ્યા સુધી ચૂંટણી પંચ દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડાઓ અનુસાર દેશમાં લગભગ ૬૦ ટકા મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. દેશના કોઈપણ ભાગમાંથી કોઈ મોટી અનિચ્છનીય ઘટનાઓ નોંધાઈ નથી. જોકે, બંગાળના કેટલાક ભાગોમાં કેટલાક રાજકીય પક્ષોના કાર્યકરો વચ્ચે ઘર્ષણના અહેવાલો છે. સવારે સાત વાગ્યાથી શરૂ થયેલું મતદાન સાંજે છ વાગ્યા સુધી ચાલ્યું હતું. ચૂંટણી અધિકારીઓએ જણાવ્યું હતું કે સાંજે ૫ વાગ્યા સુધી પશ્ચિમ બંગાળમાં ૭૭.૫૭ ટકા મતદાન થયું હતું અને મેઘાલયમાં ૬૯ ટકા મતદાન થયું હતું, જ્યારે પૂર્વ નાગાલેન્ડના છ જિલ્લાઓમાં સન્નાટો જોવા મળ્યો હતો જ્યાં આદિવાસી સંગઠનોના એક સંઘ દ્વારા અનિશ્ચિત બંધ પાળવામાં આવ્યો હતો અને લોકો તેમના ઘરોમાં જ રહ્યા હતા. સાંજે ૫ વાગ્યા સુધીના મતદાનના ડેટાના આધારે પશ્ચિમ બંગાળમાં સૌથી વધુ મતદારોએ મતદાન કર્યું છે. આ મામલે બિહાર તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોથી પાછળ રહી ગયું છે. પશ્ચિમ બંગાળમાં સૌથી વધુ ૭૭.૫૭ ટકા મતદારોએ સાંજે ૫ વાગ્યા સુધી મતદાન કર્યું હતું. જ્યારે બિહારમાં સાંજે ૫ વાગ્યા સુધી માત્ર ૪૬.૩૨ ટકા મતદારોએ મતદાન કર્યું છે. લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કા હેઠળ શુક્રવારે સાંજે તમિલનાડુની તમામ ૩૯ બેઠકો માટે મતદાન પૂર્ણ થયું હતું. વૈકલ્પિક ડેટા અનુસાર આ સમયગાળા દરમિયાન ૬૩.૨૦ ટકા મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. સાંજે ૫ વાગ્યા સુધી મળેલા ડેટાના આધારે ચૂંટણી અધિકારીઓએ જણાવ્યું કે ધર્મપુરી લોકસભા સીટ પર સૌથી વધુ ૬૭.૫૨ ટકા મતદાન થયું હતું જ્યારે દક્ષિણ ચેન્નાઈ સીટ પર સૌથી ઓછું ૫૭.૦૪ ટકા મતદાન થયું હતું. પહેલા તબક્કામાં ૧૬૦૦થી વધુ ઉમેદવાર મેદાને છે. આ તબક્કામાં ૯ કેન્દ્રીય મંત્રી, બે પૂર્વ મુખ્યમંત્રી અને એક પૂર્વ રાજ્યપાલનું ભાગ્ય ઈફ્સમાં કેદ થયું છે.

મતદાન સવારે ૭ વાગ્યાથી શરૂ થયું હતું અને સાંજે ૬ વાગ્યે પૂર્ણ થયું છે. પશ્ચિમ બંગાળમાં સાંજે ૫ વાગ્યા સુધી ૭૭.૫૭% મતદાન નોંધાયું છે. જે આજે લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કામાં થયેલા રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશોમાં સૌથી વધુ મતદાન છે.આસામમાં પાંચ લોકસભા બેઠકો પર ઈવીએમમાં ખામીના કારણે ૧૫૦ જેટલાં ઈવીએમના સંપૂર્ણ સેટ બદલવાની ફરજ પડી હતી. અલગ અલગ ઈવીએમની વીવીપેટ તથા બેલેટ એકમો સહિત ૪૦૦થી વધુ ઉપકરણોને પણ ખામીને લીધે બદલવામાં આવ્યા હતા. ચૂંટણી વિભાગના એક વરિષ્ઠ અધિકારીએ કહ્યું કે મોટાભાગની ખામીઓ મોક પોલિંગ દરમિયાન જોવા મળી હતી. જે વાસ્તવિક મતદાનથી ૯૦ મિનિટ પહેલા શરૂ કરાયું હતું. વાસ્તવિક મતદાન શરૂ થયા બાદ સમગ્ર સેટ સાથે ૬ ઈવીએમ બદલવામાં આવ્યા હતા. જ્યારે જુદા જુદા મતદાન કેન્દ્રો પર વધુ ૪૦ વીવીપેટ બદલવામાં આવ્યા હતા. મણિપુરમાં કુલ ૫ બૂથ પર મતદાન અટકાવવામાં આવ્યું હતું. જેમાં ઈમ્ફાલ પૂર્વમાં ૨ અને ઈમ્ફાલ પશ્ચિમમાં ૩ મતદાન મથકો સામેલ છે. અહીં લોકો દ્વારા ગેરરીતિનો આક્ષેપ કરાતાં હોબાળો મચ્યો હતો. પોલિંગ ઓફિસરે આ જાણકારી આપી છે.

અત્યાર સુધીમાં એટલે કે ૧ વાગ્યા સુધીમાં સૌથી વધુ મતદાન ત્રિપુરામાં ૫૩.૦૪% નોંધાયું હતું. જ્યારે સૌથી ઓછું મતદાન ૨૯.૯૧% લક્ષદ્વીપમાં નોંધાયું હતું. જ્યારે બીજી બાજુ અરુણાચલ પ્રદેશની વિધાનસભા ચૂંટણી માટે ૩૭.૫૩% તથા સિક્કિમમાં ૩૬.૮૮% મતદાન નોંધાયું હતું.

બીજી બાજુ મણિપુરમાં ઈનર મણિપુર તથા આઉટર મણિપુર એમ બે મતવિસ્તારોમાં શુક્રવારે મતદાન યોજાયું હતું. લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કાના આ મતદાન વખતે કેટલાક અજાણ્યાં તત્વોએ કેટલાક રાઉન્ડ ફાયરિંગ કરીને અરાજકતા ફેલાવી હતી. આ ઘટના થામનપોકપી ખાતે બની હતી. જોકે આ ઘટનામાં કોઈ જાનહાનિના અહેવાલ સામે આવ્યા નથી. ઘટનાનો વીડિયો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો.

લોકસભાની ચૂંટણીના પ્રથમ તબક્કામાં ૨૧ રાજ્યોની ૧૦૨ બેઠકો પર મતદાન ચાલી રહ્યું છે. આ દરમિયાન એક મોટી ઘટના સામે આવી હતી. અહીં છત્તીસગઢના બસ્તરની લોકસભા બેઠક પર મતદાન વખતે જ બીજાપુર જિલ્લામાં નક્સલીઓ દ્વારા આઈઆઈડી વિસ્ફોટ કરવામાં આવ્યો હતો. પોલીસે જણાવ્યું કે આ વિસ્ફોટમાં સીઆરપીએફના અધિકારી ઘાયલ થયા હતા.

વિશ્વની સૌથી ઠીંગણી મહિલા જ્યોતિ આમગેએ મહારાષ્ટ્રના નાગપુરમાં પોતાનો મત આપ્યો છે. આ સાથે તેમણે મતદારોને મતદાન કરવાની અપીલ પણ કરી. પશ્ચિમ બંગાળના કૂચ બિહારમાં પથ્થરબાજીનો મામલો સામે આવ્યો છે. અહીં ચાંદમારી સ્થિત મતદાન કેન્દ્રની સામે પથ્થરમારો કરવામાં આવ્યો છે.

પહેલા તબક્કાના મતદાનમાં ૧૬૨૫ ઉમેદવારો મેદાનમાં છે. તેમજ કેન્દ્રના ૮ મંત્રીઓના નસીબ ઈવીએમમાં લોક થયા હતા. લોકસભા ચૂંટણીના પહેલા તબક્કાના મતદાન સાથે અરૂણાચલ પ્રદેશ (૬૦ બેઠકો) અને સિક્કિમ (૩૨ બેઠકો)માં વિધાનસભાની ચૂંટણી પણ યોજાઈ હતી. પ્રથમ તબક્કામાં ૮ કેન્દ્રીય પ્રધાનો, ૨ ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને એક પૂર્વ રાજ્યપાલ ચૂંટણી મેદાનમાં પોતાનું નસીબ અજમાવી રહ્યા છે.

ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર પ્રથમ તબક્કામાં ૧૬.૬૩ કરોડથી વધુ મતદારો છે. જેમાં ૮.૪ કરોડ પુરૂષ અને ૮.૨૩ કરોડ મહિલા મતદારો છે. તેમાંથી ૩૫.૬૭ લાખ મતદારો એવા છે જેઓ પ્રથમ વખત મતદાન કર્યું હતું. જ્યારે ૨૦થી ૨૯ વર્ષની વયજૂથના મતદારોની સંખ્યા ૩.૫૧ કરોડ છે. આ માટે ૧.૮૭ લાખ પોલિંગ બૂથ બનાવવામાં આવ્યા હતા.

પશ્ચિમ બંગાળની કૂચ બિહાર સીટ પર હિંસાને કારણે મતદાન પર અસર પડી હતી. તૃણમૂલ કોંગ્રેસ અને ભાજપના સૂત્રોએ જણાવ્યું હતું કે, બંને પક્ષોના કાર્યકરોએ મતદાનના પ્રથમ થોડા કલાકોમાં ચૂંટણી હિંસા, મતદારોને ડરાવવા અને ચૂંટણી એજન્ટો પર હુમલા અંગે અનુક્રમે ૮૦ અને ૩૯ ફરિયાદો નોંધાવી છે. જે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં પ્રથમ તબક્કામાં તમામ લોકસભા બેઠકો પર મતદાન પૂર્ણ થયું તેમાં તમિલનાડુ (૩૯), ઉત્તરાખંડ (૫), અરુણાચલ પ્રદેશ (૨), મેઘાલય (૨), આંદામાન અને નિકોબાર ટાપુઓ (૧), મિઝોરમ (૧), નાગાલેન્ડ (૧), પુડુચેરી (૧), સિક્કિમ (૧) અને લક્ષદ્વીપ (૧)નો સમાવેશ થાય છે.

શુક્રવારે રાજસ્થાનની ૧૨, ઉત્તર પ્રદેશની ૮, મધ્યપ્રદેશની ૬, આસામ અને મહારાષ્ટ્રની ૫-૫, બિહારની ૪, પશ્ચિમ બંગાળની ૩, મણિપુરની ૨ અને ત્રિપુરા, જમ્મુની એક-એક બેઠક પર શુક્રવારે મતદાન થયું.

# ઈમ્પેક્ટ પ્લેયરનો નિયમ બરબાદી છે : ઝહીર ખાન

એજન્સી દ્વારા

નવી દિલ્હી, તા.૧૯

આઈપીએલની ગત સિઝનમાં ઈમ્પેક્ટ પ્લેયર નિયમ લાગુ કરવામાં આવ્યો હતો. આ નિર્ણય બાદ ટીમો મેચ દરમિયાન પોતાના એક ખેલાડીને બદલી શકે છે.

વાસ્તવમાં આ નિયમ પર સતત સવાલો ઉઠી રહ્યા છે. ક્રિકેટ નિષ્ણાતો માને છે કે 'ઈમ્પેક્ટ પ્લેયર' નિયમ ઓલરાઉન્ડરની ભૂમિકાને ઘટાડે છે. ઉદાહરણ તરીકે, ચેન્નાઈ સુપર કિંગ્સે શિવમ દુબેનો ઉપયોગ માત્ર પાવર હિટર તરીકે કર્યો છે, જ્યારે આ ખેલાડી સારી બોલિંગ કરી શકે છે. જો કે હવે આ મુદ્દે પૂર્વ ભારતીય ક્રિકેટર ઝહીર ખાને પોતાની પ્રતિક્રિયા આપી છે.

જિયો સિનેમા પર ઝહીર ખાને કહ્યું



કે હું સંપૂર્ણ રીતે સંમત છું કે આ ચર્ચાનો વિષય છે, ચોક્કસપણે થોડી ચિંતા છે, પરંતુ આપણે તેનો સામનો કરવાનો રસ્તો શોધવો પડશે. આ સિવાય ઝહીર ખાનનું માનવું છે કે ઈમ્પેક્ટ પ્લેયરના નિયમ હેઠળ માત્ર કામચલાઉ ઓલરાઉન્ડર જ ઉપલબ્ધ રહેશે. તેથી, ભૂતપૂર્વ ભારતીય ફાસ્ટ બોલરે ઈમ્પેક્ટ પ્લેયર નિયમ પર સવાલો ઉઠાવ્યા છે. તેમજ ઝહીર ખાને ટી-૨૦ વર્લ્ડ કપ માટે ટીમ ઈન્ડિયા અંગે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. તેણે કહ્યું કે મોહમ્મદ સિરાજને ટી૨૦ વર્લ્ડ કપ માટે ટીમ ઈન્ડિયામાં જસપ્રીત બુમરાહની સાથે હોવો જોઈએ. આ બે બોલરો સિવાય અર્શદીપ સિંહને ટીમ ઈન્ડિયાનો હિસ્સો બનાવવો જોઈએ. ઝહીર ખાનનું માનવું છે કે ટીમ ઈન્ડિયાની પસંદગી લગભગ ૨ અઠવાડિયા પછી ૨૦ વર્લ્ડ કપ માટે કરવામાં આવશે.

BCCI પસંદગીકારો અર્શદીપ સિંહ પર ચાંપતી નજર રાખી રહ્યા છે. તેણે એમ પણ કહ્યું કે આ ખેલાડીઓ સિવાય ખલીલ અહેમદ, મોહસીન ખાન અને યશ દયાલ પર પણ ધ્યાન રાખવામાં આવશે. તમને જણાવી દઈએ કે T20 વર્લ્ડ કપ વેસ્ટ ઈન્ડિઝ અને અમેરિકાની ધરતી પર આયોજિત થવાનો છે. આ ટુર્નામેન્ટ ૨ જૂનથી શરૂ થઈ રહી છે.

# અમિત શાહ, સીઆર પાટીલ અને ધાનાણીએ વિજય મુહૂર્તમાં ભર્યું ફોર્મ



પ્રતિનિધિ દ્વારા

ગાંધીનગર, તા.૧૯

લોકસભાની ચૂંટણી માટે ઉમેદવારી નોંધાવવાનો આજે છેલ્લો દિવસ છે. ત્યારે ગૃહમંત્રી અમિત શાહ સહિત અનેક ઉમેદવારોએ આજે ઉમેદવારી નોંધાવી. ગાંધીનગર બેઠકના ઉમેદવાર અમિત શાહે વિજય મુર્હતમાં ઉમેદવારી નોંધાવી હતી. તો નવસારીમાં સી.આર. પાટીલ અને નૈષધ દેસાઈ એકસાથે કલેક્ટર કચેરીએ ફોર્મ ભરવા ભેગા થયા હતા. બીજી તરફ, રાજકોટથી કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણી સહિત કોંગ્રેસના ૫ ઉમેદવારોએ ફોર્મ ભર્યું. તમોમ જિલ્લા કલેક્ટર અને ચૂંટણી અધિકારી સમક્ષ ફોર્મ રજૂ કર્યું. તો જામનગરથી પૂનમ માડમે પણ ફોર્મ ભર્યું. ગઈકાલે અમદાવાદ ગાંધીનગરમાં ભવ્ય રોડ શો અને રેલી બાદ આજે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ઉમેદવારી ફોર્મ ભર્યું હતું. તેઓએ ગાંધીનગર લોકસભા બેઠક પરથી ઉમેદવારી ફોર્મ ભર્યું હતું. આ સમયે અમિત શાહ સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ હાજર રહ્યા હતા. તો ગાંધીનગર લોકસભાના પ્રભારી મયંક નાયક હાજર રહ્યા હતા. ન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહના ડમી તરીકે ગાંધીનગરના પૂર્વ ધારાસભ્ય અશોક પટેલ દ્વારા ફોર્મ ભરવામાં આવ્યું. અશોક પટેલ હાલ ભરૂચના પ્રભારી તરીકેની ફરજ પણ બજાવે છે.

નવસારી ભાજપના ઉમેદવાર સી. આર. પાટીલે આજે ઉમેદવારીપત્ર ભર્યું હતું. સીઆર પાટીલે આજે ૧૨:૩૯ ના વિજય મુહૂર્તમાં પોતાની ઉમેદવારી નોંધાવી હતી. ગત રોજ ભવ્ય રોડ શોને કારણે પાટીલ વિજય મુહૂર્ત ચૂકી ગયા હતા, તેથી તેમણે ગઈકાલે ઉમેદવારીપત્ર ભરવાનું ટાળ્યુ હતું. ગત રોજ વિજય સંકલ્પ રેલીને હજારો સમર્થકોએ ઉત્સાહ સાથે આવકારી હતી. ત્યારે આજે પાટીલે નવસારીથી ઉમેદવારી ફોર્મ ભર્યું હતું. નવસારી લોકસભા મધ્યસ્થ કાર્યાલય ખાતેથી ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી સહિત ધારાસભ્યો અને સંગઠન આગેવાનો સાથે કલેક્ટર કચેરી પહોંચ્યા હતા. જેના બાદ સી. આર. પાટીલે વિજય મુહૂર્તમાં ઉમેદવારીપત્ર ભર્યુ હતું તો બીજી તરફ, રાજકોટ લોકસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણી ઉમેદવારી ફોર્મ ભર્યું. તેમણે જિલ્લા કલેક્ટર અને ચૂંટણી અધિકારી સમક્ષ ફોર્મ રજૂ કર્યું હતું. જોકે, આ પહેલારાજકોટમાં ધાનાણીની સભામાં અચાનક વીજળી ગૂલ થઈ હતી. ચાલુ સભામાં વીજળી ગૂલ થતાં પરેશ ધાનાણીએ સરકાર પર પ્રહાર કર્યા હતા. તેમણે કહ્યુ હતું કે, ભાજપ દ્વારા જાણી જોઈને લાઈટ કાપી નંખાઈ.

LED સ્ક્રીન ચાલુ અને સભામાં લાઈટ નથી. આ બાદ કોંગ્રેસ દ્વારા રામધૂન બોલાવીને વિરોધ નોંધાવાયો હતો. કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણીએ રાજકોટની લોકસભા બેઠક પર ભાજપના પરસોત્તમ રૂપાલા સામે ઉમેદવારી નોંધાવી છે. તેમણએ ૧૨.૩૯ કલાકના વિજય મુહૂર્તમાં ઉમેદવારી ફોર્મ સોંપ્યુ હતું. ફોર્મ ભરતા પહેલાં બહુમાળી ચોકમાં જાહેર સભા સંબોધી હતી. ધાનાણીના ફોર્મ ભરતાં સમયે શક્તિસિંહ ગોહિલ હાજર રહ્યા હતા.

# શ્રી નાગરવેલ હનુમાન મંદિર ખાતે હનુમાન જન્મોત્સવ ઉજવાશે

અમરાઈવાડી-રખિયાલ રોડ પર આવેલ શ્રી નાગરવેલ હનુમાન મંદિરના મહંત શ્રી ૧૦૦૮ શ્રી રંગનાથાચાર્યજી મહારાજે જણાવ્યું છે કે શ્રી હનુમાન દાદાનો જન્મોત્સવ ઉજવવા હનુમાન ભક્તોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.શ્રી નાગરવેલ હનુમાન મંદિર ખાતે હનુમાન જન્મોત્સવની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે.શ્રી નાગરવેલ હનુમાન મંદિર ખાતે હનુમાન જન્મોત્સવ અનેરા ઉત્સાહ અને ધામધૂમથી ઉજવવામાં આવશે. તા.૨૩.૦૪.૨૦૨૪ ચૈત્ર સુદ પૂનમ મંગળવારના રોજ શ્રી હનુમાન જન્મોત્સવ નિમિત્તે શ્રી નાગરવેલ હનુમાન મંદિર ખાતે સવારથી લઈને સાંજ સુધી વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં સવારે ૬ કલાકે શ્રી હનુમાનદાદાની ઉત્થાપન આરતી અને ત્રિયંજન, સવારે ૮.૩૦ કલાકે ધ્વજારોહણ, સવારે ૯થી ૧૨ કલાકે શ્રી આલોક પુજારીજી દ્વારા સુંદરકાંડનો



પાઠ,બપોરે ૧૨ કલાકે શ્રી હનુમાન જન્મોત્સવની આરતી સાથે શૃંગાર દર્શન અને છપ્પન ભોગ (અન્નકૂટ) ધરવામાં આવશે.

Printed, Published and Owned by NARENDRA G. JOSHI and Printed at Bhoomi Offset Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, AHMEDABAD - 380002 and published from H-115/991, Nirmal Appartments, Opp. Jaymangal BRTS Bus Stop, 132' Ring Road, Naranpura, AHMEDABAD-380 063. Editor- NARENDRA G. JOSHI.

# ભારતમાં સેમસંગે AI ટીવીના નવા યુગની જાહેરાત કરી

એજન્સી દ્વારા

ઈન્ડિયાની સૌથી મોટી કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનિક્સ કંપની સેમસંગે આજે બેંગલુરુમાં સેમસંગ ઓપેરા હાઉસમાં આયોજીત 'અનબોક્સ એન્ડ ડિસ્કવર' ઈવેન્ટમાં પોતાના અલ્ટ્રા-પ્રીમિયમ **Neo QLED 8K, Neo QLED 4K** અને **OLED** ટીવી લોન્ચ કરીને **AI** ટીવીના નવા યુગની જાહેરાત કરી છે.

**Neo QLED 8K, Neo QLED 4K** અને **OLED** ટીવીની ૨૦૨૪ લાઈન અપ શક્તિશાળી છેં-સંચાલિત સોલ્યુશન્સ સાથે તમારા હોમ એન્ટરટેન્ટમેટ એક્સપિરીયન્સમાં વધારો કરે છે.

આ અંગે વાત કરતા સેમસંગ સાઉથ વેસ્ટ એશિયાના પ્રમુખ અને સીઈઓ જેબી પાર્કે જણાવ્યું હતું, "સેમસંગ




ગ્રાહકોની જીવનશૈલીને સુધારવા માટે તમામ પ્રોડક્ટ કેટેગરીમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ **(AI)**નું ટ્રાન્સફોર્મેટિવ પાવર લાવી રહ્યું છે. જેનાથી અમે અમારા ગ્રાહકો માટે શાનદાર વ્યૂઈંગ એક્સપિરિયિન્સ પ્રદાન કરવા માટે **AI** સાથે ઘરેલું મનોરંજન સંકલિત કર્યું છે. **Neo QLED 8K, Neo QLED**ની અમારી ૨૦૨૪ રેન્જ **4K** અને **OLED** ટીવી ઘરના મનોરંજનના અનુભવને પૂનઃવ્યાખ્યાયિત કરે છે અને **AI**ના પાવર સાથે સુલભતા, ટકાઉપણું અને ઉન્નત સુરક્ષામાં નવી નવીનતાઓ પ્રદાન કરે છે."

# જોશ ટોક્સે પાયાના શહેરી વિકાસને વેગ આપવા માટે સિટી ચેમ્પિયન્સ ૨૦૨૪ની શરૂઆત કરી

એજન્સી દ્વારા

જોશ ટોક્સ, એક પ્રાદેશિક કન્ટેન્ટ અને અપસ્કિલિંગ મંચે સિટી ચેમ્પિયન્સ ૨૦૨૪ માટે લૉન્ચની જાહેરાત કરી. ૨૦૨૩માં તેના ઉદ્ઘાટનથી, સિટી ચેમ્પિયન્સ ટકાઉ શહેરી વિકાસ તરફ કામ કરતી સંસ્થાઓને ઓળખવા, ચેમ્પિયન બનાવવા અને સમર્થન આપવા માટે સમર્પિત છે.૨૦૨૨ માં જાહેર કરાયેલા વિશ્વ બેંકના અહેવાલ મુજબ, ૨૦૩૬ સુધીમાં ૬૦૦ મિલિયન લોકો ભારતમાં શહેરી શહેરોમાં વસવાટ કરશે, જે વસ્તીના ૪૦ ટકાનું પ્રતિનિધિત્વ કરશે.

આ વર્ષના કાર્યક્રમ માટે તેમનો ઉત્સાહ વ્યક્ત કરતાં, જોશ ટોક્સના **CEO** અને સહ-સ્થાપક સુપ્રિયા પોલે જણાવ્યું હતું કે, "ગયા વર્ષે સિટી




ચેમ્પિયન્સ ૧૨૧ શહેરોમાં ૩૦ લાખથી વધુ લોકો સુધી પહોંચ્યું હતું અને અમે આ વર્ષે વધુ લોકો સુધી પહોંચવાની આશા રાખીએ છીએ.આ પહેલ તમામ નાગરિકો માટે રહેવા યોગ્ય, ટકાઉ અને સલામત શહેરો બનાવવાની અમારી પ્રતિબદ્ધતાનો પુરાવો છે. આ દ્વારા, અમારો હેતુ સામાજિક સંસ્થાઓને તેમના પ્રયત્નોને અસરકારક રીતે માપવા અને કાયમી અસર બનાવવા માટે જરૂરી સાધનો અને સંસાધનો પ્રદાન કરવાનો છે."

ઓમિદ્યાર નેટવર્ક ઈન્ડિયાના પાર્ટનર શિલ્પા કુમારે જણાવ્યું હતું કે, "શહેરી સમુદાયો દ્વારા સામનો કરવામાં આવતા દબાણયુક્ત પડકારોનો સામનો કરવા માટે સમર્પિત ચેન્જમેકર્સની વાઈબ્રન્ટ ઈકોસિસ્ટમને પ્રોત્સાહન આપવા માટે સિટી ચેમ્પિયન્સ ૨૦૨૪ને સમર્થન આપવા બદલ અમને ગર્વ છે.વ્યૂહાત્મક માર્ગદર્શન, નેટવર્કિંગની તકો અને ભંડોળની ઍક્સેસ પ્રદાન કરીને, અમને વિશ્વાસ છે કે આ પ્રોગ્રામ અર્થપૂર્ણ પરિવર્તન લાવશે."

**IIM** કલકત્તા ઈનોવેશન પાર્કના સીઈઓ ડૉ. સુભ્રાંગશુ સાન્યાલે ઉમેર્યું, "**IIM** કલકત્તા ઈનોવેશન પાર્કમાં, અમે નવીનતા અને ઉદ્યોગસાહસિકતાને સક્રિયપણે પ્રોત્સાહન આપવામાં વિશ્વાસ રાખીએ છીએ જે મોટા સામાજિક પડકારોને સંબોધિત કરે છે અને આજીવિકાની તકોને ઉત્પ્રેરિત કરે છે.આ સહયોગ ટેક્નોલોજીનો લાભ લેનારા અને ટકાઉ વિકાસ લક્ષ્યોને અસર કરતા વ્યવસાયોને ટેકો આપવા અને ઉછેરવાના અમારા મિશન સાથે સંપૂર્ણ રીતે સંરેખિત છે.આ ભાગીદારી દ્વારા, અમે પસંદગીની સંસ્થાઓને મૂલ્યવાન સંસાધનો, માર્ગદર્શન અને વિકાસની તકો પ્રદાન કરવા માટે આતુર છીએ, આખરે તેમને દેશમાં મોટા પાયે સકારાત્મક પરિવર્તન લાવવા માટે સશક્ત બનાવીશું."

# કાર્ટૂન કોર્નર




# ડેમલર ઈન્ડિયા કોમર્શિયલ વ્હીકલ્સ બેટરી ઈલેક્ટ્રીકમાં પ્રવેશ કરે છે

એજન્સી દ્વારા

ડેમલર ઈન્ડિયા કોમર્શિયલ વ્હીકલ્સ **(DICV)**, ડેમલર ટ્રક **AG** ("ડેમલર ટ્રક") ની સંપૂર્ણ માલિકીની પેટાકંપની એ ઓલ-ઈલેક્ટ્રિક, નેક્સ્ટ જનરેશન "ઈકેન્ટર" સાથે ભારતીય બેટરી ઈલેક્ટ્રિક માર્કેટમાં પ્રવેશની જાહેરાત કરી. ભારતમાં ઓલ-ઈલેક્ટ્રીક ઈકેન્ટરનું માર્કેટ લોન્ચ એ લાંબા ગાળે તેના સમગ્ર પ્રોડક્ટ પોર્ટફોલિયોને ડીકાર્બોનાઈઝ કરવા માટેના તેના વિશાળ વિઝન તરફ કંપનીનું પ્રથમ પગલું દર્શાવે છે.

ભારતના લાઈટ-ડ્યુટી ટ્રક સેગમેન્ટમાં **DICV**ના પ્રવેશને ચિહ્નિત કરતું ઓલ-ઈલેક્ટ્રિક ઈકેન્ટર આગામી ૬ થી ૧૨ મહિનામાં બજારમાં લોન્ચ કરવામાં આવશે.

વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં, ડેમલર ટ્રક પેરિસ



ક્લાઈમેટ ચેન્જ એગ્રીમેન્ટ માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે. આધુનિક પરિવહનના પ્રણેતા **CO2**-તટસ્થ પરિવહનને વિશ્વભરમાં સફળ બનાવવા અને આબોહવા પરિવર્તન સામે લડવામાં યોગદાન આપવા માંગે છે. પરિવહન ઉદ્યોગને ડીકાર્બોનાઈઝ કરવા અને સંસાધનનો વપરાશ ઘટાડવાની સ્પષ્ટ દ્રષ્ટિ સાથે, ડેમલર ટ્રક તેની નવી ટ્રકો અને બસોને ૨૦૩૯ સુધીમાં યુરોપ, જાપાન અને યુએસએમાં **CO2**-તટસ્થ બનાવવા માટે પ્રયત્નશીલ છે. **DICV** ડેમલર ટ્રકના વૈશ્વિક ડીકાર્બોનાઈઝેશન વિઝનને અનુરૂપ **CO2**-તટસ્થ ઉત્પાદન પોર્ટફોલિયોની તૈયારી પર કામ કરી રહ્યું છે અને ઉપરોક્ત મુખ્ય બજારોને અનુસરીને શક્ય તેટલી વહેલી તકે ભારત માટે નેટ-ઝીરો લક્ષ્યાંક પર કામ કરી રહ્યું છે.શ્રી સત્યકામ આર્ય, મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ, ડેમલર ઈન્ડિયા કોમર્શિયલ વ્હીકલ્સ જણાવ્યું હતું કે, "અમારા તમામ પ્રયત્નો અમારા ભાવિ ઉત્પાદનો માટે ઉત્કૃષ્ટ તત્પરતા હાંસલ કરવા માટે મૂકવામાં આવી રહ્યા છે જેમાં લાંબા ગાળે **CO2**-તટસ્થ પ્રોપલ્શન ટેક્નોલોજી હશે. ભારતમાં આગામી ૬ થી ૧૨ મહિનામાં ઓલ-ઈલેક્ટ્રિક ઈકેન્ટરનું લોન્ચિંગ, અમારા સમગ્ર પ્રોડક્ટ પોર્ટફોલિયોને ડીકાર્બોનાઈઝ કરવાની અમારી લાંબા ગાળાની વ્યૂહરચનાનું પ્રથમ પગલું છે.

# મોટોરોલાએ મોટો g64 5G પ્રસ્તુત કર્યો

એજન્સી દ્વારા

ભારતની શ્રેષ્ઠ## **5G** સ્માર્ટફોન બ્રાન્ડઈઈ મોટોરોલાએ આજે સેગમેન્ટમાં અગ્રણી# **5G** સ્માર્ટફોન મોટો **g64 5G** પ્રસ્તુત કરવાની જાહેરાત કરી હતી. મોટો **g64 5G** વિશ્વનાં પ્રથમ મીડિયાટેકન ડાઈમેન્સિટી ૭૦૨૫ પ્રોસેસર અને સેગમેન્ટની શ્રેષ્ઠ **6000mAh** બેટરી અને ક્વાડ પિક્સેલ ટેકનોલોજી સેગમેન્ટનાં અગ્રણી શેક ફ્રી **50MP OIS** કેમેરા સાથે ૧૫,૦૦૦ રૂપિયાથી ઓછી કિંમતનાં સ્માર્ટફોન બજારમાં પરિવર્તન લાવશે. આ ફોનની કિંમત ફક્ત રૂ. ૧૪,૯૯૯ (ઓફર્સ સહિત રૂ. ૧૩,૯૯૯) છે.

અગ્રણી પ્રોસેસર, બેટરી અને કેમેરા ઉપરાંત આ સ્માર્ટફોન એના સેગમેન્ટમાં ફીચર સેગમેન્ટનાં શ્રેષ્ઠ ઈન-બિલ્ટ **12GB RAM + 256GB**



સ્ટોરેજ સ્માર્ટફોનની કિંમત ફક્ત રૂ. ૧૬,૯૯૯ (ઓફર્સ સહિત રૂ. ૧૫,૯૯૯) છે.

મોટો **g64 5G**ને વિશ્વની પ્રથમ મીડિયા ટેક ડાઈમેન્સિટી ૭૦૨૫ પ્રોસેસર, પાવરફૂલ ઓક્ટા-કોર પ્રોસેસર પર ગર્વ છે, જે **2.5GHz** સુધી ફ્રીક્વન્સી ઓફર કરે છે. આ અસાધારણ ઝડપી પ્રોસેસર અતિ ઝડપી કામગીરીની ક્ષમતા ધરાવે છે.

# અમદાવાદ આવેલા ફિલ્મ 'રઝાકાર'ના કલાકારો મકરંદ દેશપાંડે, તેજ સપ્રુ એ સરદાર પટેલનું યોગદાન અમૂલ્ય બતાવ્યું

ભારતની આઝાદી સમયે હૈદરાબાદમાં થયેલા નરસંહાર અને દેશને એક કરવા માટે લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલના અવિસ્મરણીય યોગદાન પર આધારિત ફિલ્મ "રઝાકાર ધ સાયલન્ટ જેનોસાઈડ ઓફ હૈદરાબાદ" ૨૬મી એપ્રિલે સમગ્ર ભારતમાં રિલીઝ થઈ રહી છે. . હિન્દીની સાથે આ ફિલ્મ મોટા પડદા પર તેલુગુ, તમિલ, કન્નડ, મલયાલમમાં પણ રિલીઝ થશે. ફિલ્મના મુખ્ય કલાકારો મકરંદ દેશપાંડે, તેજ સપ્રુ, રાજ અર્જુન, અભિનેત્રી અનુશ્રિયા ત્રિપાઠી સાથે ફિલ્મના નિર્માતા ગુદુર નારાયણ રેડ્ડી ખાસ સ્ક્રીનીંગ માટે અમદાવાદ આવ્યા હતા અને મીડિયા સાથે વાતચીત કરી હતી. અમદાવાદ પહેલા ફિલ્મની ટીમ વડોદરામાં સ્ટેચ્યુ ઓફ યુનિટી પર પણ ગઈ હતી જ્યાં



સરદાર પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા આવેલી છે.રઝાકાર ફિલ્મમાં મહત્વની ભૂમિકા ભજવી રહેલા અભિનેતા મકરંદ દેશપાંડેએ કહ્યું કે 'રઝાકાર ધ સાયલન્ટ જેનોસાઈડ ઓફ હૈદરાબાદ' એક સિનેમા છે જે દરેક ભારતીયે જોવી જોઈએ. આ ફિલ્મ દેશના 'લોખંડી પુરુષ' સરદાર વલ્લભભાઈ પટેલને સમર્પિત છે. ગુજરાતમાં જન્મેલા સરદાર પટેલ દેશના પ્રથમ નાયબ વડાપ્રધાન અને ભારતના પ્રથમ ગૃહમંત્રી પણ હતા. તેમણે બ્રિટિશ શાસન દરમિયાન અનેક મોટા આંદોલનોનું નેતૃત્વ પણ કર્યું અને આઝાદી પછી તેમના પ્રયાસોને કારણે અનેક રજવાડાઓને એક કરી ભારતમાં સામેલ કરવામાં આવ્યા. હૈદરાબાદને ભારતમાં ભેળવવામાં તેમનું યોગદાન અમૂલ્ય હતું જેને કોઈ ભારતીય ક્યારેય ભૂલી શકશે નહીં. નિર્માતા ગુદુર નારાયણ રેડ્ડીએ કહ્યું કે રઝાકારને હવે દક્ષિણ ભાષાની સાથે હિન્દીમાં મોટા પડદા પર રિલીઝ કરવામાં આવી રહી છે જેથી દેશના દરેક વ્યક્તિ ઈતિહાસના આ પ્રકરણ વિશે જાણી શકે.

# ELGiએ ઓઈલ-લ્યૂબ્રીકેટેડ સ્ક્રુ એર કોમ્પ્રેસર્સની નવી EG સુપર પ્રિમીયમ રેન્જ રજૂ કરી

વિશ્વમાં અનેક અગ્રણી એર કોમ્પ્રેસર ઉત્પાદકોમાંની એક **Elgi** ઈક્વિપમેન્ટ્સ **(BSE: 522074 NSE: ELGIEQUIP)**એ **RS** એસપી (સુપર પ્રિમીયમ) રજૂ કર્યા છે, જે ઓઈલ-લ્યૂબ્રીકેટેડ સ્ક્રુ એર કોમ્પ્રેસર્સની વિખ્યાત ઈજી સિરીઝના પોર્ટફોલિયોમાં એક નવુ ઉમેરણ છે. આ નવા મશિનો કોમ્પ્રેસ્ડ એર ટેકનોલોજીમાં નોંધપાત્ર પ્રગતિ રજૂ કરે છે, જે ૧૫% સુધીની નોંધપાત્ર ઉર્જા કાર્યક્ષમતા વધારો ઓફર કરે છે, તેમજ વોરંટી અને કામગીરીની દ્રષ્ટિએ શ્રેષ્ઠ છે ઉપરાંત ૯૦-૧૧૦નુ કોમ્પ્રેસર શ્રેણીમાં નીચા ખર્ચવાળુ આયુષ્યચક્ર ધરાવે છે. **ISAAME** (ઈન્ડિયા, સાઉથ એશિયા, આફ્રિકા અને મિડલ ઈસ્ટ)ના અને **Elgi** ઈક્વીપમેન્ટ્સ લિમીટેડના **SEA** (સાઉથ ઈસ્ટ એશિયા)ના પ્રેસિડન્ટ ભાવેશ કારીયાએ જણાવ્યુ હતુ કે, " **ELGi**




ખાતે અમારા ગ્રાહકો અને પર્યાવરણ માટે ટેકનોલોજીકલ પ્રગતિઓ અને દેખાતી કાર્યક્ષમ વધારાને સંરેખિત કરવી તે અમારી અડગ પ્રતિબદ્ધતા છે. **RS** સુપર પ્રિમીયમ સાથે, અમે ઊંચી કામગીરી ડિલીવર કરવા માટેની શોધમાં અમે એક મોટુ પગલું ભર્યુ છે, ત્યારે કોમ્પ્રેસ્ડ એર ટેકનોલોજીમાં કાર્યક્ષમતા અને નિર્ભરતા માટે એક નવા માપદંડ પણ સ્થાપિત કરી રહ્યા છીએ. કોમ્પ્રેસરના કુલ આયુષ્યમાંથી ૮૦% ઉર્જા ખર્ચને આભારી છે ત્યારે **RS** સુપર પ્રિમીયમ કોમ્પ્રેસર્સ ઉર્જા કાર્યક્ષમતામાં ૧૫%નો અદભૂત વધારો કરે છે. ઉત્પાદકીય સાહસો માટે ઉર્જા કાર્યક્ષમતા અને પર્યાવરણીય ફરજો પર ભાર મુકતા જરૂરિયાત અનુસાર બનાવવામાં આવ્યા હોવાથી આ અદ્યતન યુનિટ્સ માલિકીપણાના પેકેજના અત્યંત ઉચ્ચ સક્ષમ કુલ ખર્ચ સાથે તેમના નવીન ફીચર્સ મારફતે નોંધપાત્ર ઉર્જા બચતનું વચન આપે છે." નવું **ELGi RS** એસપી યુનિટમાં નવીન રચના કરાયેલ બે તબક્કાવાળા એરએન્ડઝ ધરાવે છે, જેમાં સાબિત થયેલી ?-V પ્રોફાઈલનો સમાવેશ થાય છે જે કોમ્પ્રેસનની એકંદરે પ્રક્રિયાને ઈષ્ટતમ બનાવતી હોવાથી ચોક્કસ વીજ ખર્ચમાં ૧૫% સુધીની બચતમાં પરિણમે છે. લો-સ્પીડ એરએન્ડઝ અને પ્રત્યેક તબક્કમાં હળવા લોડ સાથે તે કોમ્પોનન્ટનું વિસ્તરિત આયુષ્ય ધરાવે છે.

# અક્ષય કુમારને પહેલી તેલુગુ ફિલ્મમાં સાથ આપશે કાજલ



મુંબઈ, તા.૧૯

અક્ષય કુમાર પોતાના કેરેક્ટર સાથે હંમેશા અખતરા કરતા હોવાથી એક્શન-કોમેડી અને ડાન્સ સહિતના તમામ રોલ પર હાથ અજમાવી ચૂક્યા છે. અક્ષયે સતત નવું કરતા રહેવાની પોતાની આદતને આગળ ધપાવતા તેલુગુ ઈન્ડસ્ટ્રીમાં આગમન કરવાનો નિર્ણય લીધો છે. બિગ બજેટ તેલુગુ ફિલ્મ 'કનપ્પા'માં અક્ષય કુમારનો સમાવેશ થયો છે. વિષ્ણુ માંચુનો લીડ રોલ ધરાવતી આ ફિલ્મમાં અક્ષયની એન્ટ્રી અંગે સત્તાવાર જાહેરાત થઈ ચૂકી છે. તેમની સાથે આ ફિલ્મમાં સાઉથની જાણીતી એક્ટ્રેસ કાજલ અગ્રવાલ પણ હોવાનું ચર્ચાઈ રહ્યું છે. પ્રાપ્ત માહિતી અનુસાર, વિષ્ણુ માંચુની 'કનપ્પા'ને બજેટ અને સ્ટારડમની રીતે મોટી બનાવવા પ્રયાસ થઈ રહ્યા છે. અક્ષય બાદ તેમાં કાજલ અગ્રવાલની એન્ટ્રી પણ થઈ ચૂકી છે.

અગાઉ તેલુગુ એક્ટર વિષ્ણુ માંચુએ સોશિયલ મીડિયા પર અક્ષય કુમાર સાથે જોડાણની જાહેરાત કરી હતી. અક્ષય કુમાર સાથેનો ફોટોગ્રાફ શેર કરતા વિષ્ણુ માંચુએ જણાવ્યુ હતું કે, સુપરસ્ટાર અક્ષય કુમાર તેલુગુ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પહેલી ફિલ્મ કરી રહ્યા છે. તેમની સાથે 'કનપ્પા'ની જાહેરાત કરતા આનંદ અનુભવું છે. અક્ષય કુમાર ફિલ્મના શૂટિંગ માટે હૈદરાબાદમાં છે. વિષ્ણુ માંચુએ 'કનપ્પા'ને પાન ઈન્ડિયા ફિલ્મ બનાવવાનો ઈરાદો વ્યક્ત કર્યો છે.

# નેક્સઝુ મોબિલિટીએ વર્લ્ડ આર્ટ ડેની ઊજવણીરૂપે 'ક્રિએટિવિટી ઓન વ્હીલ્સ' ચેલેન્જનું આયોજન કર્યું

એજન્સી દ્વારા

ઈનોવેટિવ અર્બન ટ્રાન્સપોર્ટેશન સોલ્યુશન પ્રોવાઈડર નેક્સઝુ મોબિલિટીએ ૧૫ એપ્રિલે વર્લ્ડ આર્ટ ડેની ઊજવણી કરવા માટે એક ડિજિટલ ડિઝાઈન ચેલેન્જ 'ક્રિએટિવિટી ઓન વ્હીલ્સ'નું આયોજન કર્યું છે. બ્રાન્ડે નેક્સઝુ ઈવી સાયકલ્સની તેમની પોતાની ડિઝાઈન સબમિટ રજૂ કરવા દ્વારા પોતાની પ્રતિભા બતાવવા માટે તમામ ડિઝાઈન ઉત્સાહીઓને આમંત્રણ પાઠવ્યું છે.

નેક્સઝુ મોબિલિટીના બિઝનેસ હેડ શ્રી ચિંતામણિ સરદેસાઈએ જણાવ્યું હતું કે "અમે માનીએ છીએ કે સાયકલ્સ કેવળ ટ્રાન્સપોર્ટેશનથી કંઈક વિશેષ છે. તે વ્યક્તિગતતા તથા સ્ટાઈલ સ્ટેટમેન્ટ્સ પણ છે. ટાર્ગેટ ઓડિયન્સ રોજબરોજ મુસાફરી કરતી વ્યક્તિ હોય, પ્રોફેશનલ સાયક્લિસ્ટ હોય કે પછી રિક્રિએશનલ રાઈડર હોય, માત્ર સારા જ ન લાગે પરંતુ તેમને અપીલ કરે તેવા ગ્રાફિક્સ બનાવવા ડિઝાઈનરો માટે મુશ્કેલીભર્યું કામ છે. આ પહેલ થકી અમને નવા યુગના ગ્રાહકો તરફથી આંતરદ્રષ્ટિ, પરિપ્રેક્ષ્ય તથા આઈડિયા મળશે તેવી અમને આશા છે. પોતાની અંદર કલાત્મકતા ધરાવતા લોકોને તેમનું વ્યક્તિત્વ દર્શાવવા માટે આ 'ક્રિએટિવિટી ઓન વ્હીલ્સ' પહેલમાં ભાગ લેવા અમે વિનંતી કરીએ છીએ.'' 'ક્રિએટિવિટી ઓન વ્હીલ્સ' ચેલેન્જ એ નેક્સઝુ ઈવી-સાયકલની ફ્રેમ માટે અનોખી રીતે ગ્રાફિક ડિઝાઈન કરવા માટે દરેક વ્યક્તિ માટે એક તક રજૂ કરે છે. પાંચ વર્ષથી વધુ ઉંમરના ઉત્સાહીઓ ૧૮ એપ્રિલ સુધીમાં ગ્રાફિક્સના તેમના વર્ઝન સબમિટ કરીને આ ચેલેન્જમાં ભાગ લઈ શકે છે. પ્રાપ્ત થનારી અરજીઓમાંથી સૌથી ક્રિએટિવ સબમિશનને બ્રાન્ડ તરફથી વિશેષ ઈનામો જીતવાની તક મળશે. સ્પર્ધકો નેક્સઝુ મોબિલિટીની ઓફિશિયલ વેબસાઈટ પરથી ઈવી-સાયકલની ફ્રેમ ડાઉનલોડ કરી શકે છે અને ફાઈલ અપલોડ કરતા પહેલા તેમના કલર્સ તથા ડિઝાઈન્સ ઉમેરી શકે છે.સૌથી વિખ્યાત કલાકારો પૈકીના એક લિયોનાર્ડો દ વિન્સીના જન્મતિથિ ઉપરાંત વર્લ્ડ આર્ટ ડે વિવિધ કલાકારોના પ્રદાનને સન્માનિત કરવા તેમજ દરેકના જીવનમાં તેના મહત્વને પ્રોત્સાહન આપવા માટે દર વર્ષે ઊજવવામાં આવે છે. ઓટો ઉદ્યોગમાં વાહનની ઓળખ તથા બ્રાન્ડ પર આર્ટની મોટી અસર પડે છે. તે ઓટોમોટિવ ડિઝાઈન અને રચનાત્મકતાના જોડાણને સન્માનિત કરે છે તથા વાહનોને કળાની રચના તરીકે ઓળખે છે.

# રિયલમી સેગમેન્ટમાં પરફોર્મન્સ અને ડિસ્પ્લે સાથે બેસ્ટ પ્લેયરનું અનાવરણ કરે છે

એજન્સી દ્વારા

રિયલમી, ભારતની સૌથી વિશ્વસનીય સ્માર્ટફોન સેવા પ્રદાતા, તેના નવીનતમ રિયલમી **P** સિરીઝ **5G** સ્માર્ટફોન - રિયલમી **P1** પ્રો **5G** અને રિયલમી **P1 5G** લોન્ચ કરવાની જાહેરાત કરવા માટે રોમાંચિત છે. બે અત્યાધુનિક ડિવાઈસ તેમની શ્રેષ્ઠ પરફોર્મન્સ, અસાધારણ વપરાશકર્તા અનુભવ અને ભારતીય ગ્રાહકો માટે ફ્લિપકાર્ટ પર વિશિષ્ટ ઉપલબ્ધતા સાથે મિડ-રેન્જ સ્માર્ટફોન સેગમેન્ટમાં હલચલ મચાવવા માટે તૈયાર છે. નવી **P** સિરીઝની સાથે રિયલમી તેના રિયલમી પેડ ૨, વાઈ-ફાઈ વેરિઅન્ટ અને રિયલમી **T110** બડ્સ પણ લોન્ચ કરશે. "બેસ્ટ પ્લેયર ઓફ પર્ફોર્મન્સ એન્ડ ડિસ્પ્લે" તરીકે પ્રતિષ્ઠિત, નવી રિયલમી **P** સિરીઝ પર પાવરનું પ્રતિનિધિત્વ કરે છે. આ સ્માર્ટફોનની ડિઝાઈન બોલ્ડ અને ન્યૂ-ટુ-માર્કેટ હોવાના રિયલમી **DNA** ને પ્રતિબિંબિત કરે છે, જે વપરાશકર્તાઓની આંખોમાં ચમક લાવશે. રિયલમી **P1 5G** શક્તિશાળી



મીડિયાટેક ડાયમેન્સિટી **7050 5G** ચિપસેટ, **120Hz AMOLED** ડિસ્પ્લે, **45W SUPERVOOC** ચાર્જિંગ અને એક વિશાળ **5000mAh** બેટરી ધરાવે છે. જ્યારે રિયલમી **P1** પ્રો **5G OIS** સાથે **50 MP Sony LYT-600** કેમેરા, **120Hz** કર્વ્ડ વિઝન ડિસ્પ્લે, **45W SUPERVOOC** ચાર્જ સાથે વિશાળ **5000mAh** બેટરી અને ક્વાલકોમ સ્નેપડ્રેગન **6 Gen 1 5G** ચિપસેટ સાથે આવે છે. લોન્ચ પર ટિપ્પણી કરતા, રિયલમીના પ્રવક્તાએ કહ્યું, "અમે રિયલમી **P** સિરીઝ **5G** રજૂ કરવા માટે રોમાંચિત છીએ, એક સ્માર્ટફોન જે સ્માર્ટફોન ઉદ્યોગમાં પરફોર્મન્સ ધોરણોને ફરીથી વ્યાખ્યાયિત કરવા માટે તૈયાર છે. રિયલમી **P** સિરીઝ પર સાથે, અમે અત્યાધુનિક ટેકનોલોજી અને અદ્યતન સુવિધાઓ રજૂ કરી છે જે મિડ-રેન્જ સેગમેન્ટને ફરીથી વ્યાખ્યાયિત કરશે. વધુમાં, અમે નવી **P** સિરીઝની સાથે રિયલમી પેડ ૨, વાઈ-ફાઈ વેરિઅન્ટ અને રિયલમી ૧૧૦ બડ્સ લોન્ચ કરવા માટે પણ ઉત્સાહિત છીએ. અમારું માનવું છે કે આ સ્માર્ટફોન અને **AIOT** પ્રોડક્ટ્સ નવીન અને ટ્રેન્ડસેટિંગ સ્માર્ટફોન ઓફર કરતી બ્રાન્ડ તરીકે અમારી સ્થિતિને વધુ મજબૂત બનાવશે. અમે આ વર્ષે નવી **P** સિરીઝના લોન્ચ સાથે ફ્લિપકાર્ટમાં **50M** વેચાણ સીમાચિહ્ન હાંસલ કરવાનું લક્ષ્ય રાખ્યું છે."

# ભારતે વિકસિત કરી સર્જીકલ રોબોટિક સિસ્ટમ - SSi મંત્ર : ૧૦૦૦ સર્જરીનો માઈલસ્ટોન હાંસલ કર્યો

એજન્સી દ્વારા

ભારતની પ્રથમ સર્જીકલ રોબોટિક સિસ્ટમના ડેવલપર જીજી ઈનોવેશન્સ એ **SSi** મંત્ર રોબોટિક સર્જરીને અસરકારક ખર્ચ અને વૈશ્વિક વસ્તી માટે સુલભ બનાવવા સમર્પિત છે, આજે **SSi** મંત્ર સર્જીકલ રોબોટિકનો ઉપયોગ કરીને ૧૦૦૦ રોબોટિક સર્જરીને સફળ રીતે પૂર્ણ કરવાની એક માઈલસ્ટોન સિદ્ધિની જાહેરાત કરી છે, જે કંપનીના ઈતિહાસમાં એક વધુ મહત્વપૂર્ણ સિદ્ધિ છે.પહેલી **SSi** મંત્ર સર્જીકલ રોબોટિક સિસ્ટમ પ્રથમવાર જુલાઈ ૨૦૨૨માં રાજીવ ગાંધી કેન્સર ઈન્સ્ટિટ્યૂટ રોહિણી નવી દિલ્હીમાં વ્યવસાયિક રૂપથી સ્થાપિત કરવામાં આવી હતી. ૨ વર્ષથી ઓછા સમયમાં **SSi** મંત્ર દેશભરની ૩૦થી વધુ હોસ્પિટલોમાં અને દુબઈમાં સ્થાપિત કરવામાં આવી છે.

આ સાથે તેને વિશ્વ વિખ્યાત જોન્સ હોપકિન્સ યુનિવર્સિટી, બાલ્ટીમોર, યુએસએ ખાતે શિક્ષણ અને તાલીમ માટે સ્થાપિત કરવામાં આવી છે.SS ઈનોવેશન્સના સ્થાપક, અધ્યક્ષ અને સીઈઓ, ડૉ. સુધીર શ્રીવાસ્તવ અને **SSi**



મંત્ર સિસ્ટમ પાછળનું બ્રેન, જેને રોબો ડૉક્ટરના રૂપમાં ઓળખવામાં આવે છે તેઓ કહે છે, "એ કરવું ખૂબ જ ખુશીની વાત છે કે એક કંપનીના રૂપમાં શરૂઆતથી જ અને અમારી ટીમના સમર્પણ અને પ્રયાસના માધ્યમથી ભારત અને વિશ્વના તમામ ખૂણેથી સર્જનોના સમુદાયના પ્રચંડ સમર્થન સાથે કે અમે અમારી નવીન **SSi** મંત્ર સિસ્ટમનો ઉપયોગ કરીને સામૂહિક રીતે ૧૦૦૦ સફળ સર્જરીનો આ માઈલસ્ટોન હાંસલ કર્યો છે.

ગોલ્ડ સ્ટાન્ડર્ડ હેલ્થ કેરને ભારતના ઘણા દર્દીઓ માટે સસ્તું અને સુલભ અધિકાર બનાવવાના અમારા વિઝનને શેર કરનારા તમામનો હું ખૂબ જ આભારી છું, કેમ કે આ વગર આ સ્તરની અદ્યતન સંભાળની ઍક્સેસ ન મળી હોત. ૩૦થી વધુ ઈન્સ્ટોલેશન અને ૧૦૦૦ સફળ સર્જરીઓ સાથે અમે હમણાં જ આઈસબર્ગની ટોચને સ્પર્શ કર્યો છે.

# JNK ઈન્ડિયા લિમિટેડની પ્રારંભિક જાહેર ઓફર, ૨૩ એપ્રિલના રોજ ખુલશે, પ્રાઈસ બેન્ડ રૂ. ૩૯૫/ ઈક્વિટી શેર થી રૂ. ૪૧૫/ઈક્વિટી શેર નક્કી કરાઈ

**JNK** ઈન્ડિયા લિ. તેલ અને ગેસ રિફાઈનરીઓ, પેટ્રોકેમિકલ અને ખાતર ઉદ્યોગોમાં વપરાતા પ્રોસેસ-ફાયર હીટર, રિફોર્મર્સ અને ક્રેકીંગ ફર્નેસ ("હીટિંગ ઈક્વિપમેન્ટ")ના ઉત્પાદનના વ્યવસાયમાં છે. કંપનીએ તેના **IPO** માટે રૂ. ૨/શૅરની ફેસ વેલ્યુના શૅર માટે રૂ. ૩૯૫/ થી રૂ. ૪૧૫/ઈક્વિટી શેરની પ્રાઈસ બેન્ડ નક્કી કરી છે.કંપનીની પ્રારંભિક જાહેર ઓફર ("**IPO**" અથવા "ઑફર") મંગળવાર, ૨૩મી એપ્રિલ, ૨૦૨૪ના રોજ સબસ્ક્રિપ્શન માટે ખુલશે અને ગુરુવાર, ૨૫મી એપ્રિલ, ૨૦૨૪ના રોજ બંધ થશે. રોકાણકારો લઘુત્તમ ૩૬ ઈક્વિટી શેર્સ માટે બિડ કરી શકે છે અને ત્યારબાદ ૩૬ ઈક્વિટી શેરના ગુણાંકમાં કરી શકે છે. આ ઈશ્યૂમાં રૂ. ૩,૦૦૦.૦૦ મિલિયનના નવા ઈશ્યુ અને પ્રમોટર સેલિંગ શેરહોલ્ડર્સ અને વ્યક્તિગત સેલિંગ શેરહોલ્ડર તરફથી ૮,૪૨૧,૦૫૨ ઈક્વિટી શેર્સ સુધીના ઓફર ફોર સેલ **(OFS)**નો સમાવેશ થાય છે.કંપની થર્મલ ડિઝાઈનિંગ, એન્જિનિયરિંગ, મેન્યુફેક્ચરિંગ, સપ્લાયિંગ, ઈન્સ્ટોલિંગ અને કમિશનિંગ




હીટિંગ સાધનોની ક્ષમતાઓ ધરાવે છે અને તે સ્થાનિક અને વિદેશી બજારોને પૂરી પાડે છે. (સ્રોતઃ **F&S** રિપોર્ટ). વર્ષોથી કંપનીએ ફ્લેર્સ અને ઈન્સિનેટર સિસ્ટમ્સમાં વૈવિધ્યીકરણ કર્યું છે અને ગ્રીન હાઈડ્રોજન સાથે રિન્યુએબલ સેક્ટરમાં ક્ષમતાઓ વિકસાવી રહી છે. તેલ અને ગેસ રિફાઈનરીઓ, પેટ્રોકેમિકલ્સ, ખાતરો, હાઈડ્રોજન અને મિથેનોલ પ્લાન્ટ વગેરે જેવા પ્રોસેસ ઉદ્યોગોમાં હીટિંગ ઈક્વિપમેન્ટની આવશ્યકતા છે. ૩૧ ડિસેમ્બર, ૨૦૨૩ સુધીમાં, કંપનીએ ભારતમાં ૨૧ ગ્રાહકોને ૮ વિદેશી ગ્રાહકોને સેવા આપી છે. ભારતમાં, તેણે આંધ્રપ્રદેશ, આસામ, બિહાર, કર્ણાટક, કેરળ, મહારાષ્ટ્ર, તમિલનાડુ, પશ્ચિમ બંગાળ અને વૈશ્વિક સ્તરે નાઈજીરીયા અને મેક્સિકોમાં પ્રોજેક્ટ પૂર્ણ કર્યા છે. વધુમાં તે ભારતમાં ગુજરાત, ઓડિશા, હરિયાણા, રાજસ્થાન અને વૈશ્વિક સ્તરે ઓમાન, અલ્જેરિયા અને લિથુઆનિયામાં ચાલુ પ્રોજેક્ટ્સ ધરાવે છે. વધુમાં, તેણે દૂર-ગામી સ્થળોએ સફળતાપૂર્વક પ્રોજેક્ટ પૂર્ણ કર્યા છે જેમાં ભારતમાં નુમાલીગઢ, આસામ ખાતે, કોચી, કેરળ,બરૌની, બિહાર, અને વિદેશમાં લાગોસ, નાઈજીરીયા ખાતેના પ્રોજેક્ટનો સમાવેશ થાય છે.

# ભગવાન શ્રી કૃષ્ણ અને રૂક્ષ્મણીજીના વિવાહના સાંસ્કૃતિક ઉત્સવ - માધવપુર મેળાનો શુભારંભ કરાવતા રાજ્યપાલ

પોરબંદર, તા.૧૯

રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ પરાપૂર્વથી માધવપુર ઘેડ વિસ્તારમાં રૂક્ષ્મણીજી અને ભગવાન શ્રી કૃષ્ણના વિવાહના પરંપરાગત રીતે ઉજવાતા લગ્નોત્સવના પ્રસંગ અંતર્ગત માધવપુરના લોકમેળાનો આજે રામનવમીના પવિત્ર દિવસે શુભારંભ કરાવ્યો હતો.

રાજયપાલશ્રીએ આ અવસરે જણાવ્યું હતું કે, ભારતીય જીવનદર્શનમાં બે ઉચ્ચકોટિના વ્યક્તિત્વનો પ્રભાવ જોવા મળે છે. જેમાં એક વ્યકિતત્વ છે ત્રેતાયુગમાં થઈ ગયેલ મર્યાદાપુરુષોત્તમ શ્રીરામ, કે જેમનો આજે જન્મદિવસ છે અને બીજું વ્યક્તિત્વ છે, દ્વાપરયુગમાં થઈ ગયેલ ભગવાન શ્રી કૃષ્ણ. આ બન્ને વ્યક્તિત્વ ભારતીય જીવનદર્શનમાં વ્યાપક પ્રભાવ ધરાવે છે અને સમગ્ર જીવનદર્શનનો સાર તેમના જીવનપ્રસંગોમાંથી મળી રહે છે.



શ્રી આચાર્ય દેવવ્રતજીએ વધુમાં જણાવ્યું કે, માધવપુરનો મેળો એ લગ્નપ્રસંગ પૂરતો મર્યાદિત નથી પરંતુ ભારતની પૂર્વની સંસ્કૃતિને પશ્ચિમની સંસ્કૃતિ સાથે જોડવાનો એક અભૂતપૂર્વ પ્રસંગ છે. 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ની વિભાવના તેના દ્વારા ખરા અર્થમાં સાર્થક થાય છે. આ મેળામાં ઉત્તરપૂર્વના રાજ્યોના કલાકારો માધવપુરમાં આવીને તેમની હસ્તકલા, ખાદ્યશાસ્ત્ર વગેરેનું નિદર્શન કરે છે. જેનાથી બન્ને સંસ્કૃતિના મૂલ્યો સાથે એકતાંતણે જોડાય છે. તેનાથી કલાકારોની ગરિમા અને ગૌરવમાં વધારો થાય છે, તેમજ એકબીજા વચ્ચે ભાઈચારાની ભાવના વધુ સુદ્રઢ બને છે. રાજયપાલશ્રીએ વધુમાં જણાવ્યું કે, ભગવાન શ્રી કૃષ્ણએ તેમના જીવનકાર્યમાં એવા જીવનમૂલ્યોની સ્થાપના કરી છે કે, જેને આપણે આદર્શ જીવન ગણીએ છીએ. આવા આદર્શ મૂલ્યોની પ્રેરણાનો ભાવ જગાવવા માટે આવા અવસરો ઉદ્દીપકનું કામ કરતા હોય છે.

રાજયપાલશ્રીએ મહાભારતના પ્રસંગનો ઉલ્લેખ કરીને જણાવ્યું કે, મહાભારતમાં એવા દિવ્ય અને ભવ્ય વર્ણનો છે. જેમાંથી આપણે જીવનની સાચી દિશા મેળવી શકીએ છીએ. તેમાં દર્શાવેલા મૂલ્યો આપણને સાચા જીવનનું દર્શન કરાવે છે.

તેમણે આ સંદર્ભમાં વધુમાં જણાવ્યું કે, ભગવાન શ્રી કૃષ્ણએ રૂક્ષ્મણી સાથે લગ્ન બાદ ૧૨ વર્ષ સુધી બ્રહ્મચર્યનું નિર્વહન કરીને એક સંસ્કારી પુત્રને જન્મ આપ્યો હતો. આ નાનો એવો પ્રસંગ સમગ્ર જગત જ્યારે આજે ભોગવાદમાં વિલસી રહ્યું છે. ત્યારે તેનાથી કઈ રીતે બહાર નીકળીને સાચા અર્થમાં લગ્નને સંસ્કાર બનાવી શકાય તેનો ખ્યાલ આપે છે.

તેમણે બીજા પણ એક પ્રસંગનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે, સ્વામી દયાનંદ સરસ્વતીએ શ્રી કૃષ્ણના જીવનદર્શન વિશે જણાવ્યું છે કે, શ્રી કૃષ્ણએ જન્મથી મરણ સુધી એકપણ પાપ આચર્યું નથી. તેવું સર્વાંગ અને સંપૂર્ણ વ્યક્તિત્વ શ્રીકૃષ્ણનું છે. ગુજરાતનું એ સૌભાગ્ય છે કે ગુજરાતની ભૂમિ પર તેમણે પોતાનું રાજ્ય વસાવ્યું અને માધવપુરમાં લગ્ન કર્યાં. દરેક ગુજરાતીના જીવનમાં શ્રીકૃષ્ણના જીવનપ્રસંગો એક યા બીજી રીતે વણાયેલા છે. તે આ મહાન વ્યક્તિત્વની વિરાટતા દર્શાવે છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ભગવાન શ્રી કૃષ્ણના જીવનપ્રસંગો આત્માથી પરમાત્મા સુધીનું દિવ્યદર્શન કરાવે છે. તે એટલા અદભૂત અને દિવ્ય છે કે તેમાંથી માનવસમાજને સ્ફૂર્તી અને પ્રેરણાં મળે છે. ધર્મની રક્ષા કાજે શું કરવું જોઈએ અને અધર્મના નાશ માટે કયા કર્તવ્યનું પાલન કરવું જોઈએ તેનો વિવેક તેમના વ્યક્તિત્વમાંથી આપણને સાંપડે છે. ભારતીય સંસ્કૃતિમાં જો આ બન્ને મહાન વ્યક્તિત્વો નથી તો ભારતીય સંસ્કૃતિનું મૂલ્ય નગણ્ય બની જાય તે પ્રકારનો અમૂલ્ય વારસો અને વિરાસત તેમણે માનવજગતને આપ્યો છે. અને કદાચ તેના કારણે જ આપણે દૈનિક જીવનમાં તેમની પૂજા કરીએ છીએ અને આપણાં હૃદયમાં ઉચ્ચકક્ષાએ તેમને બીરાજમાન કરીએ છીએ.

ભગવાન કૃષ્ણએ ગીતાનો જે ઉપદેશ આપ્યો છે. તેમાં વેદોની કલ્પના, ઉપનિષદોનો સાર સમાયેલો છે. આત્મા શું છે? શરીર શું છે? તેવું ગર્ભિત ચિંતન ગીતામાં દર્શાવ્યું છે. આવું સમગ્ર દાર્શનિક જીવન ભગવાન શ્રીકૃષ્ણનું છે. આપણે શ્રીકૃષ્ણના જીવનપ્રસંગો વાંચીએ અને તેમાંથી પ્રેરણાં લઈએ તે આજના સમયની નિતાંત આવશ્યકતા છે.

મુખ્ય સચિવ શ્રી રાજકુમારે આ અવસરે જણાવ્યું કે, પ્રાચીન સમયથી જ ગુજરાત ઉત્સવોની ભૂમિ રહ્યું છે. માધવપુરનો આ મેળો બધા ઉત્સવોમાં અનોખી નામના ધરાવે છે. આ મેળો માત્ર મેળો નથી, પણ સાંસ્કૃતિક ઉત્સવ વિશેષ છે. આ મેળો પૂર્વ અને પશ્ચિમની સંસ્કૃતિને જોડે છે. આ મેળામાં સાંસ્કૃતિક એકતાના દર્શન થાય છે. ભારતના પૂર્વ અને પશ્ચિમના છેડાને એકસૂત્રમાં બાંધતો આ મેળો અનેક પ્રાચીન ગાથાઓ સાથે જોડાયેલ છે. જે પ્રાચીન પરંપરાઓ અને રિવાજની ઝાંખી કરાવતો ઉત્સવ છે. આ બન્ને વચ્ચે હજારો કિ.મી.નું અંતર હોવા છતાં એવો અતૂટ નાતો છે. જે બન્ને પ્રદેશના લોકોમાં આગવું સ્થાન ધરાવે છે. જે વિવિધતામાં એકતાની મિસાલ બની રહ્યો છે. અહીં હજારો વર્ષ પહેલાં ભગવાન કૃષ્ણના વિવાહ ઉત્તર-પૂર્વની રાજકુમારી સાથે થયા હતાં. જે કાળસંબંધનું પ્રતિક અને પ્રાચીન વારસો છે. પ્રાચીનકાળથી ભારતના વિવિધ રાજ્યો એકબીજા સાથે જોડાયેલા છે. વિવાહના સંસ્કાર સોળ સંસ્કાર પૈકીના એક છે. લગ્નજીવન દ્વારા જીવન સુખમય બનાવી શકાય છે એવો આ સંદેશ આ મેળો આપે છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ભાષા, વેશભૂષા, ભજન, ભૂગોળ અને ભોજનનો જેમાં સમન્વય થાય છે. તેને આપણે સંસ્કૃતિ ગણીએ છીએ. આ તમામ બાબતોનો સમન્વય માધવપુરના મેળામાં થાય છે. આ મેળામાં સમયની સાથે નાગરિકો અને સરકારના પ્રયાસથી નવા નવા આયામો જોડાઈ રહ્યાં છે. આ મેળામાં ઈશાન ભારતના હસ્તકળા, નૃત્યના કલાકારો તેમની કલાના કામણ પાથરવાના છે. તો લોકડાયરા દ્વારા ગુજરાતની અસ્મિતાની ઝાંખી પણ રજૂ કરવામાં આવનાર છે. જેથી આ મેળો ભારતવર્ષના પૂર્વ અને પશ્ચિમનો મિલન કરાવતો મેળો બની રહ્યો છે.

કલા અને સંસ્કૃતિ સાથે આ મેળા દ્વારા ઉત્તરપૂર્વ અને ગુજરાત વચ્ચે આર્થિક પ્રવૃત્તિઓ વધારવાના પ્રયાસ થઈ રહ્યાં છે. તેમજ રમતગમતને ઉત્તેજન આપવા બીચ સ્પોર્ટ્સ, રેતશિલ્પ વગેરેનું આયોજન થઈ રહ્યું છે. તેનાથી પૂર્વ અને પશ્ચિમના રાજયો વચ્ચે વ્યાપાર વાણિજ્યમાં પણ વૃદ્ધિ થશે તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો. રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના અગ્રસચિવ શ્રી અશ્વિનીકુમારે જણાવ્યું કે, દેશના રાજ્યોને એકતાંતણે બાંધતો આ મેળો માધવપુર ઘેડ ખાતે ચાર દિવસ અને એક દિવસ દ્વારકા એમ કુલ પાંચ દિવસ સુધી યોજાનાર છે. સુદૂર ઉત્તરપૂર્વી રાજ્યોના કલાકારો, ખાદ્યપાકશાસ્ત્રીઓ પણ અહીં પધાર્યા છે. જેનાથી બન્ને સંસ્કૃતિઓ વચ્ચેનું આદાનપ્રદાન પણ વધુ ગહન બનશે. જેનાથી 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ની ભાવના વધુ મજબૂત બનશે.

પોરબંદર કલેકટર શ્રી કે.ડી.લાખાણીએ આભારદર્શન કરતાં જણાવ્યું હતું કે, માધવપુર મેળાની પરંપરાઓ અકબંધ રાખતાં એક મહિનાની વહીવટી તંત્રની વ્યાપક તૈયારીઓથી આ મેળાને સફળ બનાવવા માટે પ્રયત્ન કરવામાં આવ્યો છે. આ માટે જેણે પણ સાથ-સહયોગ આપ્યો છે. તેવા તમામ વિભાગો અને ઉત્તર-પૂર્વ રાજ્યના વિવિધ વિભાગોના સહકારની પણ તેમણે સરાહના કરી આભાર વ્યક્ત કર્યો હતો. કલેક્ટરશ્રીએ અહીં લોકસુવિધાને અગ્રતા આપવા માટે જિલ્લાની ટીમે આપેલા સહયોગ અને સૌએ કરેલા પરિશ્રમ અંગે આભારની લાગણી વ્યકત કરી પરમકૃપાળુ ભગવાન શ્રી કૃષ્ણની કૃપા સૌ પર રહે એવી અભ્યર્થના કરી હતી.

આ મેળાની શરૂઆત દિપ પ્રાગટ્યથી થઈ હતી અને નોર્થ-ઈસ્ટના કલાકારો દ્વારા મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ અવસરે વાતાનુકૂલિત ડોમમાં મોટી સંખ્યામાં મેળાના મુલાકાતીઓ ઉપસ્થિત રહ્યાં હતાં અને રાજયપાલશ્રી સહિત મહાનુભાવોએ ઉત્તર-પૂર્વ અને ગુજરાતના કલાકારોની 'મંગલ માધવપુર' નામે સાંસ્કૃતિક પ્રસ્તુતિ નિહાળી હતી.

### IOB સાથે છેતરપિંડી કરી હોવાનો આક્ષેપ

## બેંક મેનેજરે બેંક સાથે છેતરપિંડી કરી, ૧૫ કરોડનો દંડ અને સાત વર્ષની કેદ

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ,તા.૧૯

ગાંધીનગરના વિશેષ ન્યાયાધીશે આરોપી પ્રીતિ વિજય સાહજવાણી, તત્કાલીન સિનિયર મેનેજર, ઈન્ડિયન ઓવરસીઝ બેંક (આઈઓબી) વસ્ત્રાપુર શાખા, અમદાવાદને ફોજદારી વિશ્વાસઘાત, કિંમતી સુરક્ષા માટે બનાવટ, બનાવટી દસ્તાવેજને અસલી તરીકે ઉપયોગ કરવા અને બેંકને ખોટી રીતે નુકસાન પહોંચાડવાના ગુનામાં રૂ. ૧૫,૦૬,૫૦,૦૦૦ના દંડ સાથે ૭ વર્ષની કેદની સજા ફટકારી છે. કોર્ટે ફટકારવામાં આવેલા દંડમાંથી ૧૫ કરોડ રૂપિયા ફરિયાદી બેંકમાં જમા કરવાનો આદેશ આપ્યો છે.સીબીઆઈએ ૨૯/૧૦/ ૨૦૦૧ના રોજ આરોપીઓએ રૂ.૨,૧૪,૯૩,૯૪૦ની IOB સાથે છેતરપિંડી કરી હોવાના આક્ષેપ સાથે, તત્કાલીન સિનિયર રિજનલ મેનેજર આઈઓબી, અમદાવાદની ફરિયાદના આધારે આજે દોષિત ઠરેલા આરોપી સહિતના લોકો સામે રૂપિયા ૨,૧૪,૯૩,૯૪૦ (અંદાજે) કેસ નોંધ્યો હતો. આરોપીઓએ બે ખાતાઓની એફસીએનઆર થાપણોની અંતિમ પાકતી મુદતની ચુકવણી બે નકલી ખાતામાં જમા કરી તથા વાસ્તવિક થાપણદારોની બિન-સમર્પિત થાપણ રસીદોની સુરક્ષા સામે, રકમ, તારીખ, પાકતી મુદતના મૂલ્ય વગેરેમાં ફેરફાર કરીને, બનાવટી ખાતાઓમાં રૂ. ૧,૪૦,૫૦,૦૦૦ (આશરે) ની રોકડ ક્રેડિટ કરી હતી.તપાસ પૂર્ણ થયા બાદ ૧૫/૧૦/૨૦૦૩ના રોજ દોષિત આરોપીઓ સામે વિશ્વાસઘાત, કિંમતી સુરક્ષાની બનાવટ, બનાવટી દસ્તાવેજોનો અસલી તરીકે ઉપયોગ કરવા અને ગુનાહિત ગેરવર્તણૂંક સહિતના ગુના હેઠળ ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. તપાસમાં બહાર આવ્યું છે કે વસ્ત્રાપુર શાખા, અમદાવાદના આઈઓબીના તત્કાલીન સિનિયર મેનેજર પ્રીતિ વિજય સાહિજવાણીએ પોતાના સત્તાવાર હોદ્દાનો દુરુપયોગ કરીને બે વ્યક્તિઓની ફોરેન કરન્સી નોન-રેસિડેન્ટ (એફસીએનઆર) બેંક ડિપોઝિટની ફાઈનલ મેચ્યોરિટી પેમેન્ટ કેશ ક્રેડિટ (સીસી) એકાઉન્ટમાં અને એસબી એ/સી બનાવટી વ્યક્તિઓના નામે ડિપોઝિટ અથવા પાવર ઓફ એટર્ની (પીઓએ) હોલ્ડરની કોઈ સત્તા વિના વહેંચીને જમા કરાવી હતી. આ ઉપરાંત એફસીએનઆર (બી)ની બિન-સમર્પિત થાપણ રસીદોની સુરક્ષા સામે રૂ. ૧,૪૦,૫૦,૦૦૦/- ની રકમની ડિમાન્ડ લોન / રોકડ ક્રેડિટ્સ અન્ય પાંચ બનાવટી વ્યક્તિઓના નામે મંજૂર કરવામાં આવી હતી, જેમાં જણાવ્યું હતું કે બે ખાતાધારકોને લગતી ડિપોઝિટ રકમ, તારીખ, પરિપક્વતા મૂલ્ય વગેરેમાં ફેરફાર કરવામાં આવ્યા હતા. આરોપીઓએ ૨૭.૦૭.૨૦૦૧ના રોજ વ્યાજ સહિત આશરે રૂ. ૨ કરોડ (અંદાજે)થી વધુનું ખોટું નુકસાન કર્યું હતું.

તપાસ દરમિયાન આરોપી પ્રીતિ વિજય સાહિજવાણી ફરાર રહી હતી. રેડ કોર્નર નોટિસ દ્વારા તેની હાજરી સુનિશ્ચિત કરવામાં આવી હતી. કેનેડિયન ઈમિગ્રેશન સત્તાવાળાઓ દ્વારા તેની અટકાયત કરવામાં આવી હતી અને ૧૧/૦૧/ ૨૦૧૨ના રોજ તેને ભારત દેશનિકાલ કરવામાં આવ્યો હતો. તેના આગમન પર તેને એસપીએલ કોર્ટ સીબીઆઇ અમદાવાદ સમક્ષ રજૂ કરવામાં આવી હતી અને કોર્ટે તેને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી આપી હતી.સુનાવણી દરમિયાન, ફરિયાદી પક્ષના ૨૩ સાક્ષીઓની તપાસ કરવામાં આવી હતી અને સાક્ષીઓ દ્વારા ૧૫૮ દસ્તાવેજો સાબિત થયા હતા. ચુકાદો સંભળાવ્યા બાદ આરોપી શ્રીમતી પ્રીતિ વિજય સાહિજવાણીને કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા.

## રૂપાલાના વિરોધમાં ક્ષત્રિય સમાજની મહિલાઓ પ્રતિક ઉપવાસ કરશે

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ, તા.૧૯

અમદાવાદમાં ગોતા સ્થિત રાજપૂત ભવન ખાતે આજે ક્ષત્રિય સમાજની સંકલન સમિતિની બેઠક યોજાઈ હતી. અંદાજ ૨ કલાક સુધી સંકલન સમિતિની બેઠક ચાલી હતી. બેટકમાં રમજુબા, કરણસિંહ ચાવડા, તૃપ્તીબા સહિતના આગેવાનો હાજર રહ્યા હતા. પરશોત્તમ રૂપાલાએ ફોર્મ પરત ન ખેંચતા ક્ષત્રિય સમાજ દ્વારા નવી રણનીતિ ઘડવામાં આવી છે. આજે ક્ષત્રિય સમાજ દ્વારા અપાયેલું અલ્ટિમેટમ પૂર્ણ થયું છે. ક્ષત્રિય સમાજ વિશે વિવાદાસ્પદ ટિપ્પણીને લઈને રૂપાલા સામે વધુ એક આંદોલનની જાહેરાત કરાઈ છે. ક્ષત્રિયોનો રોષ હજુ પણ યથાવત્ છે અને તેઓ રૂપાલા સામે લડી લેવાના મૂડમાં છે.અમદાવાદમાં બેઠક બાદ ક્ષત્રિય સંકલન સમિતિએ પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. જેમાં સમિતિએ આગામી રણનીતિ અને આંદોલન અંગે માહિતી આપી છે. સમિતિએ તમામ બેઠકો પર ક્ષત્રિય સમાજ દ્વારા વિરોધ કરવાની અને પ્રતિક ઉપવાસ આંદોલનની જાહેરાત કરી છે. સમિતિએ કહ્યું કે, 'રૂપાલાના વિરોધમાં ક્ષત્રિય સમાજની મહિલાઓ પ્રતિક ઉપવાસ કરશે. રૂપાલાના વિરોધમાં પાંચ ઝોનમાં પાંચ 'ધર્મ રથ' કાઢવામાં આવશે. સંઘર્ષ લાંબો હોવાથી લીગલ ટીમ પણ બનાવવામાં આવશે.'

રાજકોટ બેઠક પર વિરોધ કરવા માટે ખાસ કમિટી બનાવી છે. પરશોત્તમ રૂપાલાને ૧૦૦ ટકા હરાવવામાં આવશે. ૫ લાખની લીડથી જીતની વાત ભાજપ ભૂલી જાય. ગુજરાતમાં ભાજપને બોયકોટ કરવામાં આવશે.'

કરણસિંહ ચાવડાએ જણાવ્યું કે, 'આજથી રાજપૂત સમાજ ઓપરેશન ભાજપ શરૂ કરશે. ૧૨૦ સંસ્થાના આગેવાનો બેઠકમાં હાજર રહ્યા છે. કાલથી તમામ જિલ્લાઓમાં ક્ષત્રિય મહિલાઓ પ્રતિક ઉપવાસ કરશે. આવતીકાલથી રોજ એક જિલ્લામાં ક્ષત્રિય મહિલા પ્રતિક ઉપવાસ કરશે. મતદાનના દિવસ સુધી ક્રમશઃ ક્ષત્રિય મહિલાઓ પ્રતિક ઉપવાસ કરશે.કાળા વાવટા મુદ્દે જાહેર કરાયેલા પરિપત્રનો વિરોધ કરીશું. અમદાવાદ પોલીસ કમિશ્નરના જાહેરનામાનો વિરોધ કરીએ છીએ. કેસરિયો ધ્વજ રાખી યુવાનો વિરોધ કરશે.

ભાજપના પ્રતિનિધિઓના પ્રચારનો વિરોધ કરીશું. ક્ષત્રિયો પાંચ ઝોનમાં પાંચ ધર્મરથ કાઢશે. આ ધર્મ રથના માધ્યમથી ભાજપ વિરૂદ્ધ મતદાન કરવા લોકોને સમજાવવામાં આવશે. કચ્છમાં આશાપુરા મંદિરથી રથ નીકળશે. જિલ્લા સમિતિઓ ધર્મરથનું આયોજન કરશે. વિરોધ માટે યુવાનોની સમિતિ બનાવાશે.

## પોસ્ટલ બેલેટ માટેના ફોર્મ-૧૨નું આદાન-પ્રદાન કરવા અમદાવાદ ખાતે યોજાયો પ્રથમ એક્ષચેન્જ મેળો

અમદાવાદ,તા.૧૯

ચૂંટણી ફરજ પરના કર્મચારીઓ પોસ્ટલ બેલેટથી મતદાન કરી શકે તે માટે તેમના દ્વારા રજૂ થયેલા ફોર્મ-૧૨ નું આદાન-પ્રદાન કરવા માટે આજે રાજ્ય કક્ષાના પ્રથમ એક્ષચેન્જ મેળાનું અમદાવાદના પંડિત દિનદયાળ ઉપાધ્યાય ઑડિટોરીયમ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું.પોતાના અથાક પ્રયત્નો, પ્રતિબદ્ધતા, સમર્પણ અને સખત મહેનત થકી મુક્ત, ન્યાયી, નિષ્પક્ષ અને પારદર્શી ચૂંટણીઓ સંપન્ન કરવામાં જેમનું પાયાનું યોગદાન છે એવા ચૂંટણી ફરજ પર રોકાયેલા કર્મનિષ્ઠ કર્મચારીઓ મતદાનથી વંચિત ન રહી જાય તે માટે ભારતના ચૂંટણી પંચ દ્વારા તેમને પોસ્ટલ બેલેટથી મતદાનની સુવિધા આપવામાં આવે છે. આવા કર્મચારીઓ દ્વારા ભરવામાં આવેલા ફોર્મ-૧૨ ના આદાન-પ્રદાન માટે યોજાયેલા આ ઍક્ષચેન્જ મેળામાં રાજ્યના મુખ્ય નિર્વાચન અધિકારી શ્રીમતી પી. ભારતીએ ઉપસ્થિત રહી કામગીરીનું નિરિક્ષણ કર્યું હતું અને જરૂરી માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું.આ પ્રસંગે શ્રીમતી પી. ભારતીએ જણાવ્યું હતું કે, ભારતના ચૂંટણી પંચની નવી ગાઈડલાઈન અનુસાર લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ની પ્રક્રિયામાં ફરજ પર નિયુક્ત કરવામાં આવેલા અધિકારીઓ અને કર્મચારીશ્રીઓ



પોસ્ટલ બેલેટ પેપર મારફતે પોતાની ફરજ સ્થળ પરથી મતદાન કરી શકે તે માટેની સુચારુ વ્યવસ્થા કરવામાં આવી રહી છે.

મુખ્ય નિર્વાચન અધિકારીએ કહ્યું હતું કે, લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અન્વયે યોજાયેલા રાજ્યકક્ષાના પ્રથમ એક્ષચેન્જ મેળાની કામગીરીમાં દરેક જિલ્લાના અધિકારીઓ તેમજ કર્મચારીઓએ સારો સહયોગ આપ્યો છે અને આ પ્રકારની વ્યવસ્થાથી ચૂંટણી ફરજમાં રોકાયેલા અધિકારીઓ અને કર્મચારીઓ સરળતાથી મતદાન કરી શકશે, જેનાથી મતદાનમાં વધારો થશે.

રાજ્યકક્ષાના પ્રથમ ઍક્ષચેન્જ મેળાનો હેતુ લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ તથા વિધાનસભાની પેટાચૂંટણીની પ્રક્રિયામાં ફરજ પર નિયુક્ત કરવામાં આવેલા કર્મચારીઓ બેલેટ પેપર મારફતે મતદાન કરી શકે તે માટે તેમના દ્વારા ભરવામાં આવેલા ફોર્મ ૧૨ વિવિધ જિલ્લામાંથી મેળવી આવા કર્મચારીઓ જે સંસદીય મતવિસ્તારમાં મતદાર તરીકે નોંધાયેલા છે, તે સંસદીય મતવિસ્તારના ચૂંટણી અધિકારીને સુપ્રત કરવા માટેનો હતો. આ મેળામાં તમામ ૩૩ જિલ્લાના પોસ્ટલ નોડલ અધિકારીઓ દ્વારા પોસ્ટલ બેલેટ માટે ભરવામાં આવેલા કુલ ૨.૯૪ લાખથી વધુ ફોર્મ-૧૨ રાજ્યના ૨૬ લોકસભા મતવિસ્તારના ચૂંટણી અધિકારીઓને સોંપવામાં આવ્યા હતા.

આ પ્રસંગે સમગ્ર પ્રક્રિયા સુચારૂરૂપે સંપન્ન થાય તે માટે સંયુક્ત મુખ્ય નિર્વાચન અધિકારી શ્રી એ. બી. પટેલે ઉપસ્થિત રહી માર્ગદર્શન પુરૂં પાડ્યું હતું.

### કેમ્પ હનુમાનના મંદિરમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમો

## અમદાવાદમાં ૨૨મી એપ્રિલે હનુમાનજીની શોભાયાત્રા યોજાશે

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ, તા.૧૯

અમદાવાદ શહેરમાં ૨૨ એપ્રિલે યોજાશે હનુમાનજીની શોભાયાત્રા અને ૨૫ એપ્રિલના રોજ શાહીબાગ ખાતે આવેલા કેમ્પ હનુમાનના મંદિરમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં મંગળા આરતી, સુંદર કાંડ પાઠ, મારુતિ યજ્ઞ, ધ્વજા રોહન મહાપ્રસાદી અન્નકૂટ અને હનુમાનજીના જન્મોત્સવને નિમિત્તે મહા આરતીનું આયોજન મંદિર ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યું છે. ૨૨ એપ્રિલના દિવસે હનુમાનના મંદિરથી શોભાયાત્રા પ્રસ્થાન કરશે જે વાસણા ખાતે આવેલા વાયુદેવતાના મંદિર અને ત્યારબાદ ત્યાંથી પરત ફરશે. શોભાયાત્રા સવારે ૭:૩૦ કલાકે નીકળશે સુપ્રીમ કોર્ટના રીટાયર્ડ જસ્ટિસ એમ આર શાહ તથા મેજર જનરલ એસ.કે વીર્ક દ્વારા વિધિગત રીતે શોભાયાત્રા ને પ્રસ્થાન કરવામાં આવશે.આ વખતે નીકળનારી શોભાયાત્રામાં આકર્ષણનું કેન્દ્ર હશે અયોધ્યાની વિશાળ આબેહૂબ પ્રતિકૃતિ વાળો ટેબ્લો આ ઉપરાંત શોભાયાત્રામાં ૧૧ ટેબલો જે ધાર્મિક સામાજિક ઉદ્દેશને રજૂ કરતા હશે, ૧૪ સુશોભિત ટ્રકો, ૫ નાના સુશોભિત વાહનો, ભજન મંડળીઓ, અખાડાના કરતબ તેમજ હનુમાનજી ની વિશાળ ગદા, ૨૦૦ જેટલા ટુ વ્હીલર અને ૫૦ થી વધુ ફોર વ્હીલરનો સમાવેશ થાય છે.મહ્ત્વનું છે કે શોભાયાત્રામાં હનુમાનજી રથમા બિરાજમાન હશે જે ખાસ ડિઝાઇન થી તૈયાર કરવામાં આવ્યો છે હનુમાનજીના રથ પર સતત ફૂલોની વર્ષા પણ કરવામાં આવશે શોભાયાત્રા નો રૂટ પર ૫૦ જગ્યાએ સ્વાગત કરવામાં આવશે શુભયાત્રા સમગ્ર રૂટ પરથી પસાર થઈ વાસણા ખાતે આવેલા વાયુ દેતારા મંદિરે પહોંચશે અને ત્યારબાદ તો ભાઈ યાત્રા કેમ્પ હનુમાનના મંદિર તરફ પરત ફરશે. ઉલ્લેખનીય છે કે ૨૩ એપ્રિલ ના રોજ હનુમાનજીના જન્મોત્સવ નિમિત્તે કેમ્પ હનુમાન મંદિર ખાતે વહેલી સવારે મંગળા આરતી અને ૧૦૧ કિલોનો મહા લાડવો ધરાવવામાં આવશે. આ દિવસે ભગવાનના મનહર રૂપના દર્શન કરવા માટેનો સમય સવારે છ વાગ્યાથી રાતના ૧૨ વાગ્યા સુધીનો રાખવાનો નિર્ણય કેમ હનુમાન મંદિરના ટ્રસ્ટ દ્વારા લેવામાં પણ આવ્યો છે.

## સુરતમાં ઓનલાઈન ટાસ્કના નામે ૧૨ લાખનો ફ્રોડ થયો

પ્રતિનિધિ દ્વારા

સુરત, તા.૧૯

સુરતના એક યુવાનને ટેલિગ્રામ પર પાર્ટ ટાઈમ જોબ આપવાનું જણાવી હોટલ બુકીંગના ટ્રાન્સપૂર્ણ કરવાની લોભામણી લાલચ આપી અલગ અલગ બેંક એકાઉન્ટ માં ૧૨ લાખથી વધુ ઓનલાઈન રૂપિયા ટ્રાન્સફર કરાવી અજાણ્યાઓએ છેતરપિંડી આચરી હતી.

ફરિયાદીએ પોલીસ ફરિયાદ કરી હતી જે મામલે સાઈબર ક્રાઈમ પોલીસે તપાસ કરતા છેતરપિંડી કરનાર ત્રણ ઈસમની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

સુરત શહેરમાં અવારનવાર અલગ અલગ ટાસ્ક ના નામે છેતરપિંડી થાય છે અનેક લોકો ટાસ્ક પૂર્ણ કરવાની લાલચમાં સાયબર ફ્રોડ નો શિકાર બને છે. તેવી જ રીતે સુરત ના એક યુવાનને તેમના મોબાઈલ ફોન પર ટેલિગ્રામ માં એક પાર્ટ ટાઈમ જોબની લીંક મળી હતી આ લિંક આઈડી પરથી વાતચીત કરતા અલગ અલગ ટાસ્ક પૂર્ણ કરવા માટે અલગ અલગ કમિશન મળશે તેવી લાલચ આપવામાં આવી હતી જેમાં રજીસ્ટ્રેશન કરાવી સૌપ્રથમ ફરિયાદીને હોટલ બુકીંગ ના તાસ આપવામાં આવ્યા હતા જે પૂર્ણ થતાં ૭૭૪ રૂપિયા કમિશન બતાવી આગળના ટાસ્ક આપવામાં આવ્યા હતા જેમાં તેમને ગ્રુપ બુકિંગ આપવામાં આવ્યં૪ હતું.

આ ગ્રુપ બુકિંગમાં તેમનું માઈનસ બેલેન્સ બતાવવામાં આવ્યું હતું. જેને આગળના ટાસ્ક માં પ્લસ કરવાનું જણાવી અલગ અલગ બેંક એકાઉન્ટમાં ફરિયાદી પાસેથી કુલ ૧૨,૨૧,૨૩૯ રૂપિયા ટ્રાન્સફર કરાવી તેમાંથી ૭૫૬૯૨ રૂપિયા પરત આપી બાકીના રૂપિયા ગ્રુપ બુકિંગ જનરેટ કરી વધુ રૂપિયાની માંગણી કરી હતી.

### એરપોડ્સની અંદર છુપાવ્યું હતું સોનુ

## સુરત એરપોર્ટ પર પેસેન્જર ૧૮ લાખના ગોલ્ડ સાથે પકડાયો

પ્રતિનિધિ દ્વારા

સુરત,તા.૧૯

દુબઈમાં ધોધમાર વરસાદને લીધે જ્યારે મોટાભાગના ટૂરિસ્ટ ત્યાંથી પોતાનો જીવ બચાવી સ્વદેશ પરત ફરવાનું વિચારી રહ્યા હતા ત્યારે એક વ્યક્તિએ આ આપત્તિ સમયે પણ ગોલ્ડ સ્મગલિંગ કરવાનું મન બનાવી લીધું હતું. તે ભારતમાં કોઈપણ પ્રકારની કસ્ટમ ડ્યુટી ભર્યા વિના દુબઈથી ગોલ્ડ સ્મગલ કરવા માટે તૈયાર હતો. એક બાજુ ધોધમાર વરસાદ પડી રહ્યો હતો ને બીજી બાજુ આ શખસે એરપોડ્સમાં ૧૮ લાખ રૂપિયાનું ગોલ્ડ છુપાવી દીધું હતું. તેની ફ્લાઈટ પણ થોડાક જ સમયમાં ટેક ઓફ થવાની હતી.

દુબઈની ફ્લાઈટમાં સવાર આ પેસેન્જરે ૨૪ કેટેર પ્યોર ગોલ્ડના પિસ અને અન્ય પેસ્ટ પોતાની સાથે રાખી હતી જેમાં તેને એવું માઈન્ડ વાપર્યું હતું કે તેણે એરપોડ્સમાં ગોલ્ડનો ભૂકો, ગોલ્ડના પિસ અને જ્યુસરના મેગ્નેટિક એરિયા હતો તેમાં પણ ગોલ્ડ છુપાવ્યું હતું. આમ કુલ કરીને તેણે ૨૪૦ ગ્રામ ગોલ્ડ સ્મગલ કર્યું હતું. સૌથી પહેલા તો તેને દુબઈના બેડ વેધરનો થોડો ફાયદો ઉઠાવી ત્યાંથી સુરતની ફ્લાઈટમાં બેસી ગયો હતો. બીજી બાજુ તેની પાસે આટલું બધું ગોલ્ડ હશે એની માહિતી કોઈ પાસે નહોતી.

અહીં સુરત એરપોર્ટ પર તેને કસ્ટમ અધિકારીઓએ રોક્યો હતો. તેની પાસેથી લગેજ જે જે પણ મળ્યું એ બધુ ચેક કરવામાં આવ્યું હતું. પરંતુ તેમાંથી એકપણ ગોલ્ડની વસ્તુ તેને મળી નહોતી. બીજી બાજુ અધિકારીઓ પણ ચેકિંગ કરતા વિચારવા લાગ્યા કે આ વ્યક્તિ પાસે ગોલ્ડ હોવાની બાતમી મળી છે છતાં કશુ જ નથી એટલે હવે શું કરીએ. તેમને બાદમાં એક બેગ જોઈ જેમાં એરપોડ્સ અને જ્યુસર હતા. આ એરપોડ્સ પેટી પેક હતા.ઓફિસર્સે ત્યારપછી આ બોક્સ ઓપન કર્યું અને જોયુ તો અંદર કેબલ અને કેસમાં પોડ્સ જ હતા. આ સમયે પણ અધિકારીઓને થયું કે આ વ્યક્તિ પાસે કશું જ નથી. પરંતુ ફરી એકવાર તેમને આ પોડ્સ ઓપન કરીને જોવાનું શરૂ કર્યું. તેમને આના ચાર્જિંગ કેસને ડિસલોકેટ કર્યું તો તેમના વાયરિંગની વચ્ચે ગોલ્ડના પાર્ટિકલ્સ વાળી એક સ્ટ્રીપ જોવા મળી હતી. એટલું જ નહીં બાદમાં તેમણે એર બડ્સ જોયા તો તેમાં જ્યાં સ્પિકર હોય તેના વાયરિંગમાં પણ ગોલ્ડ પાર્ટિકલ્સ હતા. જ્યુસર પણ બાદમાં ચેક કર્યું તો તેના મેગ્નેટિક એરિયામાંથી બીજા ગોલ્ડ પાર્ટિકલ મળ્યા હતા. આમ કરીને અધિકારીઓને દુબઈથી આવેલા આ વ્યક્તિ પાસેથી ૨૪૦ ગ્રામ ગોલ્ડ મળી આવ્યું હતું, ત્યારપછી હવે એની સાથે વધારે પૂછપરછ કરાઈ રહી છે. એટલું જ નહીં આ કોનું ગોલ્ડ છે કોના થકી આવ્યું અને દુબઈમાં આનું શું કનેકશન છે એ પણ ચેક કરાઈ રહ્યું છે.